## રાસાયણિક ખાતર અને દવા વગર પ્રાકૃતિક કૃષિ કરીને કમાલ કર્યો

# અમરેલી જિલ્લામાં એક વર્ષમાં ખેડૂતોએ રૂા. ૬૭ લાખ ઉપરાંતની કમાણી કરી

**પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત અનાજ, શાકભાજી, ફળ ફળાદીની નાગરિકોમાં માંગ વધી રહી છે**

**જિલ્લા/તાલુકા પંચાયતો દ્વારા યોજાતા અમૃત બજાર અને વ્યકિતગત કરી ૧.૧૪ લાખ કિલો ઉત્પાદનોનું વેચાણ**

**જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વધતો જતો વ્યાપ ૧૮,૯૭૮ એકરમાં થઈ રહી છે ઝેરમુકત ખેતી**

**રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાનાં દુષણને ડામવા માટે પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ વિકલ્પ**







અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ દિવસે દિવસે વધી રહ્યો છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકો મુકત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને રાજયમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શનમાં સમગ્ર રાજયમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ પ્રત્યે લોકોની વધતી જતી રૂચી અને આરોગ્યપ્રદ જીવનશૈલી તરફના પ્રવાહને પગલે ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવતા અનાજ, શાકભાજી અને ફળ–ફળાદીની ભારે માંગ છે. અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રૂા. ૬૭,૦૧,૧૭૬ રૂપિયાની કમાણી કરી છે.

પ્રાકૃતિક કૃષિના પ્રચાર–પ્રસાર અને તાલીમ માટે આત્મા પ્રોજેકટ અમલી છે. રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત ઉત્પાદનો માટે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં 'અમૃત બજાર' યોજવામાં આવે છે. આત્માના પ્રોજેકટ ડાયરેકટરએ જણાવ્યું કે, એક વર્ષ દરમિયાન જિલ્લા તેમજ તાલુકા મથકે યોજાયેલા અમૃત બજાર ઉપરાંત ખેડૂતોએ પોતાના ઘરેથી જાતે ૧,૧૪,૩૬૭ કિલોગ્રામ વેચાણ કર્યું છે. જેમાં ૫૬,૭૨૯ કિલોગ્રામ અનાજ, ૨૬,૬૮૩ કિલો શાકભાજી, ૩૦,૩૮૦ કિલો ફળ ફળાદીનું ઉત્પાદન થાય છે.

ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિને વેગ આપવાના અભિયાન અંતર્ગત બહોળી સંખ્યામાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિકાર તરીકે ખેતી કરી રહ્યા છે. જેમણે ૧૮,૯૭૮ એકરમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તાર્યો છે. જિલ્લામાં કુલ ઉત્પાદન ૧૧૪.૩૬૭ ટનનું વાર્ષિક નોંધાયું છે. જિલ્લામાં ખેડૂતોને ગામડે ગામડે જઈ પ્રાકૃતિક કૃષિ વિશે માહિતગાર કરવામાં આવી રહ્યા છે. મોડેલ ફાર્મ પર જીવામૃત, ઘનજીવામૃત અને બીજસંસ્કારો સહિતની જરૂરી તાલીમ આપવામાં આવે છે.

આત્મા પ્રોજેકટના માધ્યમથી અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે જેમાં ખેડૂતોને આર્થિક ફાયદો થઈ રહ્યો છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની તેમના ખેતરોમાં જઈને મુલાકાત લીધી છે.

અમરેલી જિલ્લો કૃષિપ્રધાન જિલ્લો છે ત્યારે ખર્ચ વગરની અને માનવ સમુદાયના સ્વાસ્થ્ય માટે લાભદાયી પ્રાકૃતિક કૃષિ તરફ ખેડૂતો વળતા આગામી સમયમાં તેના સંકલિત લાભો મળવાના છે. રાજયમાં આગામી પાંચ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક કૃષિ તરફના લક્ષ્યાંકને વેગ આપતા મિશન મોડમાં પ્રયાસો થઈ રહ્યા છે જેમાં અમરેલી જિલ્લો અગ્રીમ હરોળમાં પ્રગતિ કરી રહ્યો છે.

---

### પાલિકામાં ભાજપ શાસનનુ થયુ પુનરાવર્તન

## બાબરા પાલિકાની ચૂંટણીમાં વિજયના શિલ્પી બન્યા ભાજપ પ્રમુખ કિરીટ પરવાડીયા

**૨૨ બેઠકો સાથે ઐતિહાસિકપૂર્ણ બહુમતી મેળવી**

બાબરા, તા. ૧૨

બાબરા નગરપાલિકાની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં ભાજપે ૨૨ બેઠકો સાથે ભવ્ય વિજય પ્રાપ્ત કરતા સમગ્ર શહેરમાં રાજકીય ઉત્સાહનો માહોલ સર્જાયો છે. આ ઐતિહાસિક જીત પાછળ શહેર ભાજપ પ્રમુખ કિરીટ પરવાડીયાની આગવી રાજકીય રણનીતિ, સંગઠન શકિત અને સતત મેદાની મહેનત મહત્વપૂર્ણ પરિબળ બની હોવાનું રાજકીય વર્તુળ ોમાં ચર્ચાઈ રહ્યું છે.



શહેર ભાજપ પ્રમુખ તરીકે કિરીટ પરવાડીયા તાજેતરમાં જ જવાબદારી સંભાળી હતી અને થોડા જ સમયમાં નગરપાલિકાની ચૂંટણી આવી પડતા આ ચૂંટણી તેમની રાજકીય અગ્નિ પરીક્ષા સમાન માનવામાં આવતી હતી. પરંતુ વર્ષોથી ભાજપ અને સંઘ સાથે સક્રિય રીતે જોડાયેલા હોવાથી સંગઠન પર તેમની મજબૂત પકડ અને કાર્યકર્તાઓસાથેનો સુમેળ ભાજપ માટે જીતનું મુખ્ય કારણ બન્યો હતો.

ચૂંટણી દરમિયાન કિરીટ પરવાડીયાએ શહેરના તમામ વોર્ડોમાં કાર્યકર્તાઓ સાથે સતત બેઠકો યોજી હતી તેમજ દરેક સમાજના અગ્રણીઓ સાથે સંકલન સાધી ભાજપ તરફ અનુકૂળ વાતાવરણ ઉભું કર્યુ હતું. બુથ લેવલ સુધી મજબૂત મેનેજમેન્ટ ગોઠવી કાર્યકર્તાઓને જવાબદારીઓ સોંપી ચૂંટણી પ્રચારને ગતિ આપવામાં આવી હતી.

રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા માટે પણ શહેર ભાજપ પ્રમુખે વિશેષ પ્રયાસો કર્યા હતા. તેઓ પોતે પ્રચાર કાર્યમાં સીધા જોડાઈ સતત દેખરેખ રાખતા રહ્યા હતા જેના પરિણામે ભાજપને ગત ટર્મ કરતા વધુ ત્રણ બેઠકો મળી અને નગરપાલિકામાં ૨૨ બેઠકો સાથે સ્પષ્ટ પૂર્ણ બહુમતી પ્રાપ્ત થઈ હતી.

રાજકીય વિશ્લેષકોના મત મુજબ બાબરા શહેર ભાજપના ઈતિહાસમાં પ્રથમ વખત શહેર પ્રમુખના નેતૃત્વ હેઠળ ભાજપે ૨૨ બેઠકો સાથે આટલો ભવ્ય વિજય નોંધાવ્યો છે. આ જીતથી કિરીટ પરવાડીયાએ પોતાની રાજકીય સુઝબૂઝ, સંગઠન કૌશલ્ય અને નેતૃત્વ ક્ષમતાનો સફળ પરિચય કરાવ્યો હોવાનું શહેરના રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

---

## મોટી કુંકાવાવથી દ્વારકા સુધી સાયકલ યાત્રા સંપન્ન થઈ

કુંકાવાવ, તા. ૧૨

મોટી કુંકાવાવથી દ્વારકા સુધીની સાયકલ યાત્રાનું આયોજન નારી રક્ષા સેના યુવા અધ્યક્ષ બાવભાઈ ભુટક. તેમજ કિશોરભાઈ ભુટક, દિલીપભાઈ ભુટક અને દેવભાઈ મહેતા દ્વારા સફળતા પુર્વક કરાયું હતું.



---

## લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬ મેએ યોજાશે

અમરેલી, તા. ૧૨

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬ મે, ૨૦૨૬ના સવારે ૧૧.૦૦ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે તેમ મામલતદાર લાઠીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

### ડીસ્ટ્રીકટ ચેમ્બર પ્રમુખની રાજયમંત્રીને રજૂઆત

## ધારી–નાથદ્વારા રૂટ ઉપર સીટીંગ બસને બદલે સ્લીપીંગ બસ ચલાવવા માંગ

**વડિલ નાગરિકોનાં હિતમાં નિર્ણય કરવો જરૂરી**

અમરેલી, તા. ૧૨

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ચતુરભાઈ પટેલે રાજયમંત્રી કૌશિક વેકરિયાને પત્ર પાઠવેલ છે.





પત્રમાં જણાવેલ છે કે, હાલમાં ધારી–નાથદ્વારા સીટીંગ બસ ચાલુ છે જેમાં ધારીથી ૬ વાગ્યે સાંજે ઉપડે છે અને અમરેલી ૭ વાગ્યે આવે છે તે સમય બરાબર છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી–નાથદ્વારા સ્લીપીંગ બસ મુબવામાં આવે તો નાથદ્વારા જવામાં વધારે સુવિધા મળે. કારણ કે નાથદ્વારા જતા હોય છે તેવા સીનીયર સીટીઝન વધારે હોય છે. આખી રાત બેસીને જવું પડે છે તે સીનીયર સીટીઝનને વધારે અઘરૂ પડે છે. માટે અમરેલી–નાથદ્વારા સ્લીપીંગ બસ મુકવામાં આવે તથા એસ.ટી. નિગમ પાસે વોલ્વો બસ હોય તો એનાથી પણ વધારે સુવિધા મળે. એવી અમરેલીનાં વેપારીઓ તથા અમરેલીનાં નાગરિકોની માંગણી અને લાગણી છે તેમ અંતમાં જણાવેલ છે.

---

### આગામી ૧૭મેનાં રોજ

## અમરેલીનાં નાગનાથ મંદિર ખાતે શ્રીમદ્ દેવી ભાગવત કથાનો પ્રારંભ

**શાસ્ત્રી નેવિલ કિશોર કથાનુ રસપાન કરાવશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

અમરેલી શહેરમાં ધાર્મિક અને આધ્યાત્મિક ભાવનાને પ્રગટાવતું ભવ્ય શ્રીમદ્ દેવી ભાગવત મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. અંબા બહુચર માતાની અપરંપાર કૃપાથી આ પવિત્ર કથાનું આયોજન શિવ શકિત આનંદ ગરબા મંડળ દ્વારા કરવામાં આવ્યું છે.

આ પવિત્ર કથાનો શુભ આરંભ અધિક જેઠ માસ સુદ–૧ તા.૧૭ ને રવિવાર થી તા.૨૫ સોમવાર સુધી અમરેલીના સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિર ખાતે રાખવામાં આવ્યું છે. જયારે કથાવ્યાસ તરીકે જાણીતા વકતા શાસ્ત્રી નેવિલ કિશોર આર. ભટ્ટ (ગાંધીનગર વાળા) પોતાની ભાવભીની વાણી દ્વારા શ્રીમદ્ દેવી ભાગવતનું અમૃતમય રસપાન કરાવશે. જયારે કથા શ્રવણનો સમય દરરોજ બપોરે ૩–૩૦ થી ૬–૩૦ સુધી રહેશે.

આ ઉપરાંત વિવિધ દિવસોએ વિશેષ ધાર્મિક પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે, કથાના પાવન પ્રસંગોમાં તા.૧૭ના રોજ સવારે ૭–૩૦ કલાકે ભવ્ય પોથીયાત્રા યોજાશે. તા.૧૮ના રોજ રાજા અને વેદવ્યાસ ચરિત્ર, તા.૧૯ના રોજ દુર્ગા માતાજી અને રામચરિત્ર, તા. ૨૦ના શ્રીકૃષ્ણ જન્મોત્સવ અને મહામાયા દેવી પ્રાગટ્ય, તા.૨૧ નવદુર્ગા પ્રાગટ્ય, તા.૨૨ શાકંભરી દેવી અને શિવ વિવાહ ઉત્સવ, તા.૨૩ રાધા ચરિત્ર, તા.૨૫ના ભુવનેરી દેવી અને મણિદ્વીપ વર્ણન તથા તા.૨૫ના રોજ ગાયત્રી દેવી ચરિત્ર અને કથા વિરામ યોજાશે.

આ સમગ્ર આયોજનમાં શિવશકિત આનંદ ગરબા મંડળ દ્વારા ભાવિકો માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આયોજકોએ અમરેલી સહિત આસપાસના વિસ્તારોના ભકતોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

---

### તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં

## ગુજરાત રાજય માહિતી ખાતાનાં વર્ગ–૩ મંડળના નવા હોદ્દેદારો નિમાયા

**પ્રમુખ તરીકે દીપક જાદવ અને મહામંત્રી તરીકે ગાંગાણી બિનહરિફ**

અમરેલી, તા.૧૨

ગુજરાત રાજય માહિતી ખાતા કર્મચારી મંડળ વર્ગ–૩ની તા. ૯/૫/૨૦૨૬ને શનિવારના રોજ સામાન્ય સભા મળી હતી. જેમાં ૨૦૨૬–૨૭ના વર્ષ માટે દિપક જાદવની પ્રમુખ તરીકે અને ભરત ગાંગાણીની મહામંત્રી તરીકે બિનહરિફ જાહેર કરાયા હતા.





ગાંધીનગર ખાતે મળેલી સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬–૨૭ના વર્ષ માટે હોદ્દેદારો તથા કારોબારીની રચના કરવામાં આવી છે. તેમાં ઉપપ્રમુખ તરીકે વિકટર ડામોર, વિપુલ ચૌહાણ, ઉમંગ ચૌધરી અને કૌશિક ગજ્જર, સહમંત્રી તરીકે ફોરમ રાઠોડ, ખજાનચી તરીકે મોતીન્દ્ર ખત્રીની નિમણૂંક કરવામાં આવી છે.

સંગઠન મંત્રી તરીકે હર્ષદ રૂપાપરા (વડી કચેરી), વિરેન્દ્રસિંહ પરમાર (સૌરાષ્ટ્ર ઝોન), વિશાલ કડિયા (મધ્ય ઝોન), નરેશ પટેલ (દક્ષિણ ઝોન), મિનેશ પટેલ (ઉત્તર ઝોન) તથા કૌશિક શીશાંગિયા (જૂનાગઢ ઝોન)ની નિમણૂંક કરવામાં આવી છે.

કારોબારી સભ્યોમાં જયંતિલાલ ચૌધરી, મહેશ પટેલ, ચૈતાલી પટેલ, રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રિયજીતસિંહ રાજપુત, સરફરાજ બાદી, રૂચા રાવલ, દિપીકા મકવાણા, સેજલ દવે, હિમાંશુ નાયક, અક્ષય દેસાઈ, ભાલચંદ્ર વિઝુંડા, નિતિન રથવી, વિવેક ગોહિલ, દેવરાજસિંહ ચૌહાણ, અરવિંદ ચૌધરી, જયદિપસિંહ ઝાલા, અરૂણા ડાવરા, વૃંદા જોષી અને અવની પટેલની વરણી કરવામાં આવી છે.

---

### વોર્ડના મતદારો, કાર્યકર્તાઓ અને આગેવાનો દ્વારા

## બાબરા પાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.૩ માંથી વિજેતા થયેલ ઉમેદવારોનું સન્માન કરાયું

**વિજેતા ઉમેદવારે વોર્ડનો વિકાસ કરવાની ખાત્રી આપી**

બાબરા, તા. ૧૨

બાબરા શહેરના વોર્ડ નં.૩ માં તાજેતરમાં ચૂંટાયેલા નગરપાલિકાના સભ્યો દેવશીભાઈ મારૂ, મહેશભાઈ પીપળવા, મનીષાબેન સરવૈયા તથા રાજેશ્વરીબેન બસિયાનું વોર્ડના મતદારો અને આગેવાનો દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ વિસ્તારોમાં યોજાયેલા કાર્યક્રમોમાં લોકોએ ફૂલહાર અને શાલ ઓઢાડી નવા જનપ્રતિનિધિઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



ખોડિયારનગર, કરિયાણા રોડ સ્થિત દેવીપૂજક વિસ્તારમાં સ્થાનિક આગેવાનો અને રહિશો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. લોકોએ નવા ચૂંટાયેલા સભ્યોને ફૂલહાર પહેરાવી સન્માનિત કર્યા હતા અને વિકાસલક્ષી કામગીરી માટે શુભકામનાઓ પાઠવી હતી.

તે ઉપરાંત ભાવનગર રોડ વિસ્તારના આગેવાન વિનુભાઈ કામડ તથા તેમના પરિવારજનો દ્વારા પણ સભ્યોનું શાલ અને ફૂલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. વાલ્મિકી સમાજના આગેવાનો દ્વારા પણ ભારે ઉત્સાહ અને આત્મીયતા સાથે નવા સભ્યોને આવકારી અભિનંદન પાઠવાયા હતા.

કાર્યક્રમ દરમિયાન ચૂંટાયેલા સભ્યોએ વોર્ડ નં. ૩ ના નાગરિકોને વિશ્વાસ આપતા જણાવ્યું હતું કે નગરપાલિકા સંબંધિત કોઈપણ પ્રશ્ન કે સમસ્યા માટે લોકો સીધો સંપર્ક કરી શકશે અને પ્રજાના કામોને પ્રાથમિકતા સાથે ઝડપી ગતિએ પૂર્ણ કરવામાં આવશે. જનતાનો વિશ્વાસ જ અમારી સૌથી મોટી તાકાત છે અને વિકાસના માર્ગે વોર્ડને આગળ લઈ જવાનું અમારૂં મુખ્ય ધ્યેય રહેશે,તેમ સભ્યોએ જણાવ્યું હતું.

આ પ્રસંગે વોર્ડના પૂર્વ સદસ્ય અને 'અડધી રાતના હોંકારો'તરીકે લોકચાહના મેળવનાર નરેશભાઈ મારૂ, નિવૃત એક્ઝિકયુટિવ મેજિસ્ટ્રેટ પી. એલ. મારૂ, અમદાવાદ અનુસૂચિત જાતિ સમાજના પ્રમુખ અરવિંદભાઈ પરમાર, સામાજિક આગેવાન મંગાદાદા મારૂ, જયરાજભાઈ બસિયા તથા લાલભાઈ સરવૈયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન વોર્ડ નં. ૩ માં વિકાસ અને જનસેવાને કેન્દ્રમાં રાખી નવી ટીમ કાર્ય કરશે તેવી લાગણી લોકોમાં સ્પષ્ટ જોવા મળી હતી.

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડાની આકરી પ્રતિક્રિયા

# નીટ પરીક્ષા રદ થવાથી રર લાખથી વધુ પરીક્ષાર્થીઓનાં સપના ચકનાચુર

### મોદી સરકારનાં શાસનમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૮૯ પેપર લીક થયા

### ભાજપ સરકાર પેપર માફિયાઓને પકડવાને બદલે તેમને છાવરી રહ્યાનો આક્ષેપ

### પ્રધાનમંત્રીનો કહેવાતો અમૃતકાળ દેશ માટે વિષકાળ બની ગયાનો પણ આક્ષેપ

### પેપર માફિયાઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી

અમદાવાદ, તા. ૧૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકારનાં શાસનમાં શિક્ષણ વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગી છે. કયાંક પિતાનું દેવું, કયાંક માતાના ગીરવે મુકેલા ઘરેણા અને વિદ્યાર્થીઓની રાત-દિવસની સખત મહેનત આજે પેપર લીક અને ભાજપ સરકારની બેદરકારીને કારણે ગુજરાતભરમાંથી લગભગ ૩૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ અને સમગ્ર ભારતમાંથી ૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓની મહેનત ધૂળમાં મળી ગઈ છે. NEET 2026 રદ થવાના કારણે લાખો પરિવારોના સપના ચુર-ચુર થઈ ગયા છે. આ માત્ર વહીવટી નિષ્ફળતા નથી, પરંતુ મહેનત કરતા યુવાનો સાથે કરવામાં આવેલો એક ગંભીર ગુનાહિત અન્યાય છે. આ પહેલા NEETનું પેપર ૨૦૧૭, ૨૦૨૧, ૨૦૨૪ બાદ હવે ૨૦૨૬માં ફરી લીક થયું છે. મોદી સરકારના શાસનમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૮૯ પેપર લીક થયા, જેમાં ૪૮ પુનઃ પરીક્ષાઓ થઈ. મહેનતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા છે.

ગુજરાતમાં પણ ૨૦૨૪ની NEET પરીક્ષા દરમિયાન ગોધરા સેન્ટર પર ગેરરીતિ થઈ હતી. તપાસ બાદ અનેક વ્યકિતઓ દોષિત ઠર્યા, પરંતુ ગુનેગારોનો ભાજપ સાથે સીધો સંબંધ હોવાથી સરકારે કોઈ અસરકારક કાર્યવાહી કરી નહીં. ગુજરાતમાં ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૩૪ જેટલા પેપર લીક થયા છે, છતાં આજદિન સુધી કોઈ એક મોટા આરોપીને પણ કડક સજા થઈ નથી. એકપણ વ્યકિત જેલના સળિયા પાછળ પહોંચી નથી, જેના કારણે પેપર લીક માફિયાઓમાં હિંમત વધી રહી છે. પેપર લીકની ઘટનાઓ સાબિત કરે છે કે ભ્રષ્ટાચારનું નેટવર્ક ભાજપ સરકારની નસ-નસમાં વ્યાપેલું છે. મહેનતુ વિદ્યાર્થીઓ જયારે અનિશ્ચિતતાના અંધકારમાં ધકેલાઈ રહ્યા છે, ત્યારે ભાજપ સરકારની આ મામલે ભેદી મૌન ધારણ કરવાની નીતિ અત્યંત નિંદનીય છે. ભાજપ સરકારની ચુપકીદી ચીસો પાડીને કહી રહી છે કે, તેઓ પેપર માફિયાઓને પકડવાને બદલે તેમને છાવરી રહ્યા છે. ભાજપ સરકારના શાસનમાં ચાલતા ભ્રષ્ટાચારે સમગ્ર દેશના શિક્ષણ જગતની ગરિમા અને વિશ્વાસની કમર તોડી નાખી છે. પ્રધાનમંત્રીનો કહેવાતો અમૃતકાળ હવે દેશ માટે વિષકાળ બની ગયો છે.

યુવાનોના ભવિષ્ય સાથે ખેલાતી આ રમત હવે સહન કરવામાં આવશે નહીં. ભાજપ સરકાર તાત્કાલિક અસરથી આ કાંડની નૈતિક જવાબદારી સ્વીકારે અને પેપર માફિયાઓ સામે કડકમાં કડક પગલા ભરે તેવી કોંગ્રેસ પક્ષની પ્રબળ માંગ છે. જો સરકાર જલ્દીથી કોઈ નકકર ન્યાયિક ઉકેલ નહીં લાવે, તો આવનારા દિવસોમાં યુવા શકિત રસ્તા પર ઉતરીને આ અન્યાયી શાસન સામે ઉગ્ર આંદોલન કરશે. ભાજપ સરકાર યાદ રાખે કે, યુવાનોના સપનાઓનો ભોગ લેનાર સત્તા કયારેય ટકી શકતી નથી.

## જિલ્લા કલેકટર સમક્ષ લેખિતમાં રજુઆત

# લાઠી : મતીરાળા ગામનાં નાગરિકને જાતિવાચક શબ્દો ઉચ્ચારી હડધુત કર્યા

### મફત પ્લોટને લઈને માથાકુટ ચાલી

લાઠી, તા. ૧૨

લાઠીના મતિરાળા ગામના આલાભાઈ હીરાભાઈ લુવારે જિલ્લા કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મતિરાળા ગામે મફત પ્લોટ માટે ગામતળ નીમ થયેલ છે. તેમાં વૃક્ષારોપણ કરેલ છે. જે અંગે પ્રશ્ન મુખ્યમંત્રીના ''જિલ્લા સ્વાગત કાર્યક્રમ'' માં તા. ૨૨/૪/૨૪ ના રોજ અધ્યક્ષ સ્થાનેથી ટી.ડી.ઓ. લાઠીએ સ્થળ તપાસ કરી દબાણદારો સામે પગલા લેવા એક માસમાં પ્લોટના કબજા સોંપવાની સુચના આપેલ હતી.

વધુમાં જણાવેલ હતું કે, અમો છેલ્લા બે વર્ષથી સંબંધીત વિભાગમાં લેખીત તેમજ મૌખીક રજુઆતો કરીએ છીએ, જે સરપંચને સારૂ ન લાગતા અમારા ઉપર માનસીક અત્યાચાર ગુજારે છે. તા. ૨/૫/૨૦૨૬ના રોજ હું તેમજ મફત પ્લોટના માંગણીદારો મતિરાળા ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રીને રજુઆત કરવા ગયા તો સરપંચ ઉશ્કેરાઈ જઈ "જાતિ વાચક શબ્દો" બોલી અમોને અપમાનીત કરેલ અને કહ્યું કે ''સ્વાગત કાર્યક્રમ'' માં અરજીઓ કરવાનું બંધ કરી દેજે. હું સરપંચ છું, ત્યા સુધી મફત પ્લોટનો કબ્જો સોંપવાનો નથી. હવે અરજીઓ ચાલુ રાખીશ તો તારી માથે ફોરવ્હીલ ચડાવી દઈશ. મારૂ કોઈ કાંઈ બગાડી નહી લે. મતિરાળા ગામના સરપંચ , મોટા જુબળ વાળા છે. રાજકીય મોટી વગ ધરાવે છે. આર્થિક સુખી- સંપન્ન છે. અકસ્માતે મારૂ મૃત્યુ નીપજાવે તેવી પુરી દહેશત છે. તેઓનાં ભય અને ત્રાસના કારણે અમારે ગામેથી હિજરત કરવાની ફરજ પડશે. જેની નોંધ લેવા ધોરણસરની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## તાલુકા પંચાયતનાં સદસ્યની રજુઆત

# અમરેલીનાં લાલાવદર ગામે મોબાઈલ નેટવર્કની સુવિધા વધારવા માંગ

### સાસંદ સુતરીયાને પત્ર પાઠવવામાં આવ્યો

અમરેલી, તા. ૧૨

અમરેલી તાલુકાનાં લાલાવદર ગામે મોબાઈલ ટાવરનુ નેટવર્ક વધારવા તાલુકા પંચાયના સદસ્ય ભાવનાબેન સુખડીયાએ સાસંદ સુતરીયાને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી-લીલીયા રોડ પર આવેલ લાલાવખર ગામ અંદાજે ૨૫૦૦ થી ૩૦૦૦ની વસ્તી ધરાવતું ગામ છે. અને સરકારની નેમ મુજબ ગ્રામ્ય લેવલે પણ ઈન્ટરનેટની ફોર-જી, ફાઈવ-જી સુવિધા ઉપલબ્ધ કરવા માટે સતત પ્રયત્ન શીલ ત્યારે આ લાલાવદર ગામે બી.એસ.એન.એલ. નો ટાવર હોવા છતા પરંતુ કરવેઝ આવતુ નથી. અને લોકોને મોબાઈલ ફોનમાં પણ વાત કરવા માટે અગાસી ઉપર ચડવું પડે છે. અને ઓનલાઈન લગત અભ્યાસક્રમો માટે યુવાધનને નેટવર્કની પુરતી ઈન્ટરનેટની સુવિધા ખાસ જરૂરી હોય તો આ બધી બાબતોને ધ્યાને લઈ લાલાવદર ગામે સરકાર દ્વારા સંબધીત વિભાગ અને પ્રાઈવેટ અલગ અલગ કંપનીઓ સાથે ચર્ચા કરી લાલાવદર ગામે ઈન્ટરનેટની સુવિધા અને મોબાઈલ કવરેઝ માટે ટાવર ઉભો કરવા અંતમાં માંગ કરેલ છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૯૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ
ખમણ હજરમાં મશહૂર
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

શું તમે હરસ, મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો

ડો. કાજલ બગડા
BAMS, MS. (Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો. રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

હીરોનું સ્કૂટર સ્કૂટરનો હીરો
Hero

પ્રસ્તુત છે નવું Destini 125
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.

DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999
Alpha Autolink

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZ-S Fi HYBRID

જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

દરેક સફર હવે Shine સાથે
સ્ટાઈલ પણ, સેવિંગ પણ
Shine 125 DX ₹71015
Shine 100 ₹65,446/-

લિમિટેડ પીરિયડ ઓફર ₹4999
પરીખ હોન્ડા

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01

### દિગ્ગજ નેતાઓની હાજરીમાં ભવ્ય શપથ ગ્રહણ

# હિમંતા બિસ્વા સરમાએ બીજી વખત રાજયના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

આસામ,તા.૧૨

આસામ વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત બાદ આજે હિમંતા બિસ્વા સરમાએ બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આ સાથે જ તેઓ આસામમાં સતત બે કાર્યકાળ સુધી મુખ્યમંત્રી બનનારા પ્રથમ બિન-કોંગ્રેસી નેતા બની ગયા છે. ગુવાહાટીમાં યોજાયેલા ભવ્ય શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.

આસામમાં આ NDA સરકારનો સતત ત્રીજો કાર્યકાળ છે, જે અગાઉ ૨૦૧૬માં સર્બાનંદ સોનોવાલ અને ૨૦૨૧માં હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વમાં શરૂ થયો હતો.

આ શપથ ગ્રહણ સમારોહમાં પીએમ મોદી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીન પણ હાજર રહ્યા હતા. હિમંતા બિસ્વા સરમાની સાથે રામેશ્વર તેલી, અતુલ બોરા, ચરન બોરો અને



અજંતા નિયોગ જેવા દિગ્ગજ નેતાઓએ પણ મંત્રી પદના શપથ લીધા હતા. આ પ્રસંગે ભાજપ શાસિત અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ઉપમુખ્યમંત્રીઓએ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી.હિમંતા બિસ્વા સરમાનો રાજકીય પ્રવાસ અત્યંત પ્રેરણાદાયી રહ્યો છે. તેમનું શિક્ષણ ગુવાહાટીમાં થયું છે, જ્યાં તેમણે રાજનીતિ વિજ્ઞાનમાં MA અને ત્યારબાદ ગુવાહાટી યુનિવર્સિટીમાંથી પીએચડીની પદવી મેળવી છે. તેમણે થોડો સમય હાઈકોર્ટમાં વકીલાત પણ કરી હતી. તેમની રાજકીય કારકિર્દી કોટન કોલેજમાં છાત્ર સંઘના મહાસચિવ તરીકે શરૂ થઈ હતી. ૧૯૯૦ના દાયકામાં કોંગ્રેસમાં જોડાયા બાદ તેઓ ૨૦૦૧માં જાલુકબારી બેઠક પરથી પ્રથમવાર ધારાસભ્ય બન્યા હતા અને ત્યારથી આ બેઠક પર સતત જીતતા આવ્યા છે.વર્ષ ૨૦૧૫માં કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ હિમંતા બિસ્વા સરમાએ પૂર્વોત્તર ભારતમાં ભાજપને મજબૂત કરવામાં પાયાની ભૂમિકા ભજવી છે. તેમને 'નોર્થ ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સ' (NEDA)ના સંયોજક બનાવવામાં આવ્યા હતા, જ્યાં તેમણે પ્રાદેશિક પક્ષોને ભાજપ સાથે જોડીને પૂર્વોત્તરમાં ભગવો લહેરાવવામાં સફળતા મેળવી હતી. રાજકીય વિશ્લેષકો માને છે કે પૂર્વોત્તરમાં ભાજપના વધતા પ્રભાવ પાછળ સરમાની સચોટ વ્યૂહનીતિ અને સખત મહેનત સૌથી મોટું કારણ છે.

### પરીક્ષા રદ કરાતા રાહુલ ગાંધીના આક્રમક પ્રહાર

# સપનાઓને આ ભ્રષ્ટ ભાજપની વ્યવસ્થાએ કચડી નાખ્યા : રાહુલ ગાંધી

**આ માત્ર નિષ્ફળતા નથી, યુવાનોના ભવિષ્ય સાથેનો ગુનો છે દર વખતે પેપર માફિયાઓ બચી નીકળે છે અને પ્રામાણિક વિદ્યાર્થીઓ સજા ભોગવે છે**

નવી દિલ્હી,તા.૧૨

પરીક્ષા રદ થયા બાદ વિદ્યાર્થીઓ પછી હવે વિપક્ષ પણ ભારે નારાજ છે. નીટ પેપર લીકના તાર નાસિક-હરિયાણાથી લઈને રાજસ્થાન સુધી જોડાઈ રહ્યા છે. રાહુલ ગાંધીની પણ પહેલી પ્રતિક્રિયા આવી ગઈ છે. રાહુલ ગાંધીએ સીધો મોદી સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, આ માત્ર નિષ્ફળતા નથી, યુવાનોના ભવિષ્ય સાથેનો ગુનો છે. દર વખતે પેપર માફિયાઓ બચી નીકળે છે અને પ્રામાણિક વિદ્યાર્થીઓ સજા ભોગવે છે.

લોકસભા સાંસદ રાહુલ ગાંધીએ નીટ પરીક્ષા રદ થવા અને લીક પર સોશિયલ મીડિયા હેન્ડલ પર લાંબી-લચક પોસ્ટ કરી. રાહુલ ગાંધીએ લખ્યું કે, NEET ૨૦૨૬ની પરીક્ષા રદ થઈ ગઈ. ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓની મહેનત, ત્યાગ અને સપનાઓને આ ભ્રષ્ટ ભાજપની વ્યવસ્થાએ કચડી નાખ્યા. કોઈ પિતાએ દેવું કર્યું, કોઈ માતાએ દાગીના વેચ્યા, લાખો બાળકોએ રાત-રાતભર જાગીને અભ્યાસ કર્યો, અને બદલામાં મળ્યું - પેપર લીક, સરકારી બેદરકારી અને શિક્ષણમાં સંગઠિત ભ્રષ્ટાચાર.રાહુલે સવાલ ઉઠાવતા કહ્યું કે આ માત્ર નિષ્ફળતા નથી, યુવાનોના ભવિષ્ય સાથેનો ગુનો છે. દર વખતે પેપર માફિયાઓ બચી નીકળે છે અને પ્રામાણિક વિદ્યાર્થીઓ સજા ભોગવે છે. હવે લાખો વિદ્યાર્થીઓ ફરીથી એ જ માનસિક તણાવ, આર્થિક બોજ અને અનિશ્ચિતતાનો સામનો કરશે. જો નસીબ પરિશ્રમથી નહીં પણ પૈસા અને વગથી નક્કી થશે, તો પછી શિક્ષણનો અર્થ શું રહી જશે? વડાપ્રધાનનો કહેવાતો અમૃતકાળ, દેશ માટે વિષકાળ બની ગયો છે.સમગ્ર મામલામાં સૌથી મોટો સવાલ હવે એ જ છે કે આખરે પેપર બહાર આવ્યું ક્યાંથી? તપાસ એજન્સીઓને શંકા છે કે લીક સીધું પ્રિન્ટિંગ પ્રેસ અથવા મૂળ પેપર સોર્સમાંથી થયું હોઈ શકે છે. એટલે કે મામલો માત્ર કોચિંગ સેન્ટર સુધી સીમિત નથી, પરંતુ પેપર ટ્રાન્સપોર્ટ ચેઈન અને પ્રિન્ટિંગ સિસ્ટમ સુધી પહોંચી શકે છે. આ જ કારણે હવે CBI એ તમામ સંભવિત જગ્યાઓની તપાસ કરશે, જ્યાંથી પેપર બહાર આવી શકતું હતું.તપાસ એજન્સીઓના મુજબ કથિત પ્રશ્ન બેંકમાં રહેલા મોટી સંખ્યામાં સવાલો અસલી પરીક્ષામાં બેઠા જોવા મળ્યા. સૂત્રોનો દાવો છે કે અંદાજે ૧૪૦ સવાલો સીધા મેચ થયા. NEETમાં દરેક સવાલ ૪ માર્કનો હોય છે, એટલે કે લગભગ ૬૦૦ નંબર સુધીનો ફાયદો વિદ્યાર્થીઓને મળી શકતો હતો. આ જ કારણ છે કે હવે મામલો અત્યંત ગંભીર માનવામાં આવી રહ્યો છે. શિક્ષણ નિષ્ણાતોનું કહેવું છે કે કોઈ ગેસ પેપર(અંદાજિત પેપર)માંથી કેટલાક સવાલો મળી જવા સામાન્ય હોઈ શકે છે, પરંતુ આટલી મોટી સંખ્યામાં પ્રશ્નો સમાન હોવા એ સંયોગ માની શકાય નહીં.સમગ્ર મામલામાં વધુ એક મોટો ખુલાસો સામે આવ્યો છે. તપાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પરીક્ષા પહેલા કેટલાક વિદ્યાર્થીઓને ફોન કરીને કહેવામાં આવ્યું હતું - પેપર આવી ગયું છે. સૂત્રો મુજબ આ કોલ દિલ્હીથી આવ્યો હતો અને ત્યારબાદ સીકરમાં ઝડપથી કથિત પેપરનું સર્ક્યુલેશન શરૂ થયું હતું. એવું કહેવામાં આવી રહ્યું છે કે શરૂઆતમાં આ સામગ્રી લાખો રૂપિયામાં વેચવામાં આવી હતી. પરંતુ પરીક્ષા નજીક આવતા-આવતા અનેક વિદ્યાર્થીઓએ તેને જાતે જ ૫ હજારથી ૩૦ હજાર રૂપિયા સુધીમાં આગળ વેચવાનું શરૂ કરી દીધું હતું. એટલે કે આખું નેટવર્ક લાલચ અને કમિશનની રમતમાં ફેરવાઈ ગયું.તપાસમાં સામે આવ્યું છે કે કથિત પેપર માત્ર WhatsApp સુધી મર્યાદિત નહોતું. અનેક એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્સ દ્વારા પણ તેને શેર કરવામાં આવ્યું હોવાના સંકેત મળ્યા છે. કેટલાક મોબાઈલ ફોનમાં 'Forwarded Many Times' ટેગ પણ મળ્યો છે, જેના પરથી અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે આ સામગ્રી મોટી સંખ્યામાં લોકો સુધી પહોંચી ચૂકી હતી. SOG હવે સોશિયલ મીડિયા ચેટ, કોલ ડિટેલ્સ, બેંક ટ્રાન્ઝેક્શન અને ડિજિટલ ટ્રેલની તપાસ કરી રહી છે.NEET પરીક્ષા દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા માનવામાં આવે છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ ડૉક્ટર બનવાનું સપનું લઈને આમાં સામેલ થાય છે. આ વખતે અંદાજે ૨૨ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. હવે પરીક્ષા રદ થયા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે નારાજગી છે. અનેક વિદ્યાર્થીઓનું કહેવું છે કે તેમણે વર્ષો સુધી મહેનત કરી, પરંતુ કેટલાક લોકોની લાલચે આખી સિસ્ટમ પર સવાલ ઊભા કરી દીધા છે.

### પરીક્ષાર્થીઓ માટે હેલ્પલાઇન નંબર જાહેર કરાયો છે

# NEET ૨૦૨૬ની પરીક્ષા રદ, પેપરલીક બાદ CBIને તપાસના આદેશ

**જો કે પેપરલીક થયું હોવાનું સામે આવતા NTA દ્વારા પરીક્ષા રદ કરવામાં આવી છે આ મામલે સીબીઆઇ તપાસ હાથ ધરશે**

નવી દિલ્હી,તા.૧૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ NEET (UG) ૨૦૨૬ પરીક્ષા રદ કરવાનો મોટો નિર્ણય લીધો છે. મંગળવારે જાહેર કરાયેલા એક નિવેદનમાં, એજન્સીએ જાહેરાત કરી હતી કે મૂળ ૩ મે, ૨૦૨૬ ના રોજ લેવાયેલી NEET UG પરીક્ષા હવે ફરીથી લેવામાં આવશે. નવી પરીક્ષાની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

NTA એ જણાવ્યું હતું કે આ નિર્ણય ૧૦ મે, ૨૦૨૬ ના રોજ જારી કરાયેલ પ્રેસ રિલીઝના અનુસંધાનમાં લેવામાં આવ્યો હતો. એજન્સીના જણાવ્યા અનુસાર, પરીક્ષા સંબંધિત બાબતોને સ્વતંત્ર તપાસ અને જરૂરી કાર્યવાહી માટે ૮ મેના રોજ કેન્દ્રીય એજન્સીઓને મોકલવામાં આવી હતી. ત્યારબાદ, કેન્દ્રીય તપાસ એજન્સીઓ અને કાયદા અમલીકરણ એજન્સીઓ તરફથી પ્રાપ્ત ઈનપુટ્સ અને તપાસ અહેવાલોની સમીક્ષા કરવામાં આવી હતી.

પેપરલીકની તપાસ હવે સીબીઆઈ કરશે. ઉમેદવારોએ આ માટે હવે ફરીથી રજિસ્ટ્રેશન કરવાનું જરૂર નથી. કોઈ વધારાની પરીક્ષા ફી નહી લેવામાં આવે. જુનુ રજિસ્ટ્રેશન અને સિલેક્ટ કરેલ પરીક્ષા કેન્દ્ર માન્ય ગણાશે. પરીક્ષાર્થીઓ માટે હેલ્પલાઈન નંબર જાહેર કરાયો છે.. ૨૩ લાખ પરીક્ષાર્થીઓએ ફરીથી પરીક્ષા આપવી પડશે. NTA એ જણાવ્યું હતું કે આ નિર્ણય ૧૦ મે, ૨૦૨૬ ના રોજ પ્રકાશિત પ્રેસ રિલીઝના અનુસંધાનમાં લેવામાં આવ્યો હતો. એજન્સીના જણાવ્યા અનુસાર, પરીક્ષા સંબંધિત બાબતોને ૮ મેના રોજ સ્વતંત્ર તપાસ અને જરૂરી કાર્યવાહી માટે કેન્દ્રીય એજન્સીઓને મોકલવામાં આવી હતી. ત્યારબાદ, કેન્દ્રીય તપાસ અને કાયદા અમલીકરણ એજન્સીઓ તરફથી મળેલા ઈનપુટ્સ અને તપાસ અહેવાલોની સમીક્ષા કરવામાં આવી હતી. કથિત પેપર લીકની CBI તપાસનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

એજન્સીએ જણાવ્યું હતું કે પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા જાળવવા અને ન્યાયી અને વિશ્વસનીય પરીક્ષા પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. દ્ગછ ના જણાવ્યા અનુસાર, NEET UG ૨૦૨૬ પરીક્ષા હવે ફરીથી લેવામાં આવશે.
નવી પરીક્ષા તારીખ, પ્રવેશ કાર્ડ જારી કરવા માટેનું સમયપત્રક અને અન્ય આવશ્યક માહિતી ટૂંક સમયમાં એજન્સીની સત્તાવાર વેબસાઈટ અને અન્ય સત્તાવાર ચેનલો દ્વારા જાહેર કરવામાં આવશે. NTA એ વિદ્યાર્થીઓ, વાલીઓ અને સામાન્ય લોકોને ફક્ત સત્તાવાર સૂચનાઓ પર આધાર રાખવાની અપીલ કરી છે.

### પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી પર નિશાન

# શુભેન્દુ સરકારના ફેન્સિંગના નિર્ણયથી બાંગ્લાદેશ ધૂંઆપૂંઆ

**બાંગ્લાદેશના લોકો કે ત્યાંની સરકાર કાંટાળા તારથી ડરતી નથી અને જ્યાં જરૂર જણાશે ત્યાં તેઓ વાતચીત માટે તૈયાર છે**

પશ્ચિમ બંગાળ,તા.૧૨

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી તારિક રહેમાનના વિદેશ મામલાના સલાહકાર હુમાયૂં કબીરે એક વિવાદાસ્પદ નિવેદન આપતા કહ્યું છે કે, બાંગ્લાદેશને 'કાંટાળા તાર' બતાવીને ડરાવી શકાય નહીં. ભારત-બાંગ્લાદેશ સરહદ પર ફેન્સિંગ (વાડ) લગાવવાના અને સુરક્ષા વધારવાના ભારતના તાજેતરના નિર્ણયો બાદ આ પ્રતિક્રિયા આવી છે. કબીરે ભારપૂર્વક જણાવ્યું કે, સરહદ વિવાદોનું નિરાકરણ માત્ર વાતચીત અને માનવીય અભિગમથી જ શક્ય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, બાંગ્લાદેશના લોકો કે ત્યાંની સરકાર કાંટાળા તારથી ડરતી નથી અને જ્યાં જરૂર જણાશે ત્યાં તેઓ વાતચીત માટે તૈયાર છે.
પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી પર નિશાન સાધતા હુમાયૂં કબીરે કહ્યું કે, 'ચૂંટણી દરમિયાન કરવામાં આવતી મોટી વાતો અને વાસ્તવિક શાસન બંને અલગ બાબતો છે.' બાંગ્લાદેશ એ જોવા માંગે છે કે શું અધિકારી સરકાર તેમના ચૂંટણીલક્ષી વચનોનું પાલન શાસનમાં કરે છે કે નહીં. આ અગાઉ બાંગ્લાદેશના વિદેશ મંત્રી ખલીલુર રહેમાને પણ ચેતવણી આપી હતી કે જો પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન બાદ 'પુશ-બેક' (સરહદ પારથી પરત મોકલવાની ઘટનાઓ) થશે, તો ઢાકા આ બાબતે કડક કાર્યવાહી કરશે.પશ્ચિમ બંગાળમાં નવી ભાજપ સરકારની પ્રથમ કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ ભારત-બાંગ્લાદેશ સરહદ પર ફેન્સિંગ લગાવવા માટે સીમા સુરક્ષા બળ (BSF)ને જમીન આપવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સરહદ પર વાડ લગાવવી એ તેમના મુખ્ય એજન્ડામાં સામેલ હતું. રાજ્યનું લેન્ડ ડિપાર્ટમેન્ટ આજથી જ જમીન ટ્રાન્સફરની પ્રક્રિયા શરૂ કરી દેશે અને આગામી ૪૫ દિવસમાં આ જમીન કેન્દ્રીય ગૃહ મંત્રાલયને સોંપી દેવામાં આવશે. આ નિર્ણયનો હેતુ સરહદી સુરક્ષા મજબૂત કરવાનો અને ઘૂસણખોરી અટકાવવાનો છે.

### તમિલનાડુમાં CM વિજયના જ્યોતિષીને OSD પદ મળતા રાજકારણ ગરમાયું

**જ્યોતિષશાસ્ત્રના ક્ષેત્રમાં ચાર દાયકાનો અનુભવ ધરાવતા વેટ્ટ્રિવેલ પાસે જયલલિતા જેવા અનેક મોટા રાજકારણીઓ સલાહ લેવા આવતા હતા**

તમિલનાડુ,તા.૧૨

તમિલનાડુના રાજ્યપાલ દ્વારા શરૂઆતમાં ઈનકાર કર્યા બાદ આખરે વિજયનો સરકાર બનાવવાનો દાવો સ્વીકારવામાં આવ્યો હતો. વિજયે તેમના શપથ ગ્રહણ સમારોહ માટે પહેલા ૧૦ મેના રોજ બપોરે ૩:૪૫ વાગ્યાનો સમય નક્કી કર્યો હતો. જોકે, તેમના અંગત જ્યોતિષી રાધન પંડિત વેટ્ટ્રિવેલની સલાહ મુજબ, 'શુભ મુહૂર્ત'ને ધ્યાનમાં રાખીને આ સમય બદલીને સવારે ૧૦ વાગ્યાનો કરવામાં આવ્યો હતો. વેટ્ટ્રિવેલ વિજયની રાજકીય સફરમાં દરેક પગલે માર્ગદર્શક રહ્યા છે.વિજયે મુખ્યમંત્રી પદ સંભાળતાની સાથે જ તેમના જ્યોતિષી વેટ્ટ્રિવેલનું ભાગ્ય પણ ખૂલી ગયું છે. મંગળવારે રાધન પંડિત વેટ્ટ્રિવેલને તમિલનાડુ સરકારમાં મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેનો અર્થ છે કે તેઓ મુખ્યમંત્રીને રાજકીય બાબતોમાં ખાસ સલાહ અને માર્ગદર્શન આપશે. વેટ્ટ્રિવેલ તમિલનાડુમાં એક જાણીતા આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે ઓળખાય છે, જેમણે ચૂંટણી પહેલા જ વિજયની જીતની સચોટ ભવિષ્યવાણી કરી હતી.જ્યોતિષશાસ્ત્રના ક્ષેત્રમાં ચાર દાયકાનો અનુભવ ધરાવતા વેટ્ટ્રિવેલ પાસે જયલલિતા જેવા અનેક મોટા રાજકારણીઓ સલાહ લેવા આવતા હતા. એવું કહેવાય છે કે પૂર્વ મુખ્યમંત્રી જયલલિતા પણ મહત્ત્વના નિર્ણયો લેતા પહેલા વેટ્ટ્રિવેલની સલાહ લેતા હતા. વર્ષ ૨૦૦૮માં દિલ્હી ગયા બાદ તેમણે પોતાનું નામ બદલીને રાધન પંડિત કર્યું હતું, જ્યાં ભાજપ, કોંગ્રેસ, દ્બસ્દ્ભ અને છૈંછદ્બસ્દ્ભના નેતાઓ પણ તેમના કલાયન્ટ બન્યા હતા. તેમણે વિજયની કુંડળી જોઈને તેને રાજકારણમાં 'સુનામી જેવી તાકાત' ગણાવી હતી.તમિલનાડુ વિધાનસભાની ચૂંટણીમાં વિજયની પાર્ટી તમિલગા વેટ્ટ્રી કઝગમ (TVK)એ શાનદાર પ્રદર્શન કરતા ૨૩૪ બેઠકોમાંથી ૧૦૮ બેઠકો જીતી હતી. જોકે વિજય બહુમતીથી થોડા પાછળ રહ્યા હતા, પરંતુ કોંગ્રેસ અને ફઝ્રદ્ભ સહિતના અન્ય પક્ષોએ સમર્થન આપતા તેઓ મુખ્યમંત્રી બનવામાં સફળ રહ્યા છે. નોંધનીય છે કે 'એક્સિસ માય ઈન્ડિયા'ના પ્રદીપ ગુપ્તાએ પણ વિજય માટે ૧૦૮થી ૧૨૦ બેઠકોની આગાહી કરી હતી, જે સાચી પડી છે.

### અમેરિકાએ ચીનને મોટો ઝટકો આપ્યો

# ઈરાનનું તેલ ચોરી-છૂપીથી વેચતી ૧૨ કંપનીઓ પર અમેરિકાએ લાધા કડક પ્રતિબંધો!

**આ પગલું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચીન મુલાકાતના ગણતરીના દિવસો પહેલા લેવામાં આવ્યું છે**

નવી દિલ્હી,તા.૧૨

અમેરિકાએ ચીનને મોટો ઝટકો આપતા સોમવારે ૧૨ વ્યક્તિઓ અને સંસ્થાઓ પર કડક પ્રતિબંધો લાદ્યા છે. અમેરિકાનો આરોપ છે કે આ કંપનીઓ ઈરાની તેલ ચીનને વેચવામાં અને તેની શિપમેન્ટમાં મદદ કરી રહી હતી. નોંધનીય છે કે આ પગલું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ચીન મુલાકાતના ગણતરીના દિવસો પહેલા લેવામાં આવ્યું છે.અમેરિકી ટ્રેઝરી વિભાગે એક નિવેદનમાં જણાવ્યું છે કે ઈરાનની 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ' (IRGC) આર્થિક નિયમોમાં છૂટછાટ ધરાવતા દેશોમાં 'ફ્રન્ટ કંપનીઓ' ઉભી કરે છે. આ કંપનીઓ દ્વારા ઈરાન પોતાના તેલના વેપારને છુપાવે છે અને તેમાંથી થતી કમાણી ઈરાની શાસન સુધી પહોંચાડે છે. આ મામલામાં ઈરાનના ૩ લોકો અને હોંગકોંગ તથા યુનાઈટેડ આરબ અમીરાત (UAE) સ્થિત ૯ કંપનીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટના જણાવ્યા મુજબ, 'ઈકોનોમિક ફ્યુરી' અભિયાન દ્વારા ઈરાનને તેના શસ્ત્ર કાર્યક્રમો, આતંકી નેટવર્ક્સ અને પરમાણુ મહત્વાકાંક્ષાઓ માટે ફંડ મેળવતા રોકવામાં આવશે. પ્રતિબંધ હેઠળ આવેલી આ સંસ્થાઓની અમેરિકામાં રહેલી તમામ સંપત્તિઓ ફ્રીઝ કરી દેવામાં આવશે અને કોઈપણ અમેરિકન નાગરિક કે કંપની તેમની સાથે લેવડ-દેવડ કરી શકશે નહીં.ચીન હાલમાં ઈરાનના તેલનો સૌથી મોટો આયાતકાર અને બિઝનેસ પાર્ટનર છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ અઠવાડિયે ચીન પહોંચી રહ્યા છે ત્યારે શી જિનપિંગ સાથેની બેઠકમાં વેપાર વિવાદ અને ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ મુખ્ય મુદ્દાઓ બની રહેશે. અમેરિકા ઈચ્છે છે કે ચીન ઈરાન પર વધુ દબાણ લાવે જેથી મધ્ય-પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ સમાપ્ત થઈ શકે.

### છેલ્લા ચાર વર્ષથી ભાવ વધાર્યા નથી

# પેટ્રોલ-ડીઝલના ભાવ વધવાના પેટ્રોલિયમ મંત્રીના સંકેત

**આવનારા સમયમાં ઇંધણના ભાવમાં વધારો થઈ શકે છે જોકે, તેમણે આ પણ કહ્યું કે ભાવવધારો અને ચૂંટણી વચ્ચે કોઈ સંબંધ નથી**

નવી દિલ્હી,તા.૧૨

૧૨ મેના રોજ યોજાયેલી CII વાર્ષિક વ્યાપાર સમિટ ૨૦૨૬ દરમિયાન હરદીપ સિંહ પુરીએ જણાવ્યું હતું કે દેશમાં ક્યાંય પણ પેટ્રોલ, ડીઝલ કે LPGની અછત નથી. સરકારે LPGનું દૈનિક ઉત્પાદન લગભગ ૩૫ હજાર ટનથી વધારીને ૫૫થી ૫૬ હજાર ટન સુધી પહોંચાડ્યું છે.તેમણે કહ્યું કે ભારત પાસે હાલમાં લગભગ ૬૦ દિવસ જેટલું ક્રૂડ ઓઈલ અને LNGનું સ્ટોક ઉપલબ્ધ છે, જ્યારે LPGનો ૪૫ દિવસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.પેટ્રોલિયમ મંત્રીએ કહ્યું કે સરકારે છેલ્લા ચાર વર્ષથી પેટ્રોલ અને ડીઝલ ના ભાવમાં વધારો કર્યો નથી. જોકે, તેમણે એ પણ સ્વીકાર્યું કે ભવિષ્યમાં ભાવ નહીં વધે એવી કોઈ ખાતરી નથી.હરદીપ સિંહ પુરીએ જણાવ્યું કે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ હાલમાં દરરોજ અંદાજે ૧,૦૦૦ કરોડનું નુકસાન ભોગવી રહી છે. કંપનીઓ પર કુલ ૧.૯૮ લાખ કરોડની અંડર-રિકવરી હોવાનું પણ તેમણે જણાવ્યું.
પેટ્રોલિયમ મંત્રી એ ચેતવણી આપી કે જો પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો ભારત પર નાણાકીય દબાણ વધી શકે છે. આવી સ્થિતિમાં સરકાર અને ઓઈલ કંપનીઓને કઠિન નિર્ણયો લેવા પડી શકે છે.તેમણે કહ્યું કે સરકાર ગ્રાહકોને મોંઘવારીથી બચાવવા માટે જવાબદારીપૂર્વક પરિસ્થિતિ સંભાળી રહી છે અને દેશભરમાં ગેસ પુરવઠો સામાન્ય રીતે ચાલુ છે.

### DMKની વિચારધારા સામે ઉઠ્યા સવાલો

# સનાતન ધર્મ ખતમ કરી દેવો જોઈએ, ઉદયનિધિ સ્ટાલિનનું ફરી વિવાદાસ્પદ નિવેદન

તમિલનાડુ,તા.૧૨

તમિલનાડુ વિધાનસભામાં સંબોધન દરમિયાન ઉદયનિધિ સ્ટાલિને ફરી એકવાર સનાતન ધર્મ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'સનાતન ધર્મ, જેણે લોકોને વિભાજિત કર્યા છે, તેનો નાશ થવો જોઈએ.' આ નિવેદન બાદ ગૃહની અંદર અને બહાર ભારે હોબાળો મચી ગયો છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ તેઓ સનાતન ધર્મની સરખામણી રોગ સાથે કરીને તેને જડમૂળથી ખતમ કરવાની વાત કરી ચૂક્યા છે, જેના કારણે મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો.ભાજપના પ્રવક્તા સીઆર કેશવને ઉદયનિધિ સ્ટાલિનની આકરી ટીકા કરતાં તેમના નિવેદનને ઝેરી ગણાવ્યું છે. તેમણે ઉદયનિધિને તમિલનાડુના 'રાહુલ ગાંધી' ગણાવીને એવો આક્ષેપ કર્યો કે તેઓ દેશમાં નફરત અને ભાગલા પાડવાની રાજનીતિ કરી રહ્યા છે. કેશવને વધુમાં કહ્યું કે, જે રીતે રાહુલ ગાંધીએ પવિત્ર સેંગોલનું સન્માન ન જાળવ્યું અને રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો બહિષ્કાર કરીને તેનું અપમાન કર્યું, એ જ રીતે ઉદયનિધિ પણ હિન્દુઓની આસ્થા પર સતત પ્રહાર કરી રહ્યા છે.ભાજપે DMK સરકારની કાર્યપદ્ધતિ પર સવાલો ઉઠાવતા આકરા પ્રહારો કર્યા છે. સીઆર કેશવને આક્ષેપ કર્યો કે તમિલનાડુના મુખ્યમંત્રી ક્યારેય જનતાને દિવાળીની શુભકામનાઓ પાઠવતા નથી અને તેમની પાર્ટીએ 'કાર્તિગઈ દીપમ' જેવા ધાર્મિક ઉત્સવનો પણ વિરોધ કર્યો હતો. તેમણે ચેતવણી આપતાં જણાવ્યું કે, તમિલનાડુના રાજકીય પ્રતીકમાં જ મંદિરનું 'ગોપુરમ' આવેલું છે, જે રાજ્યની ઓળખ છે. આવી સ્થિતિમાં લોકો પોતાની આસ્થાનું અપમાન લાંબો સમય સહન નહીં કરે અને આવનારા સમયમાં આનો યોગ્ય જવાબ આપશે.
ઉદયનિધિ સ્ટાલિનના આવા નિવેદનોને અગાઉ કોર્ટે પણ ગંભીર ગણાવ્યા છે. આ વર્ષે ૨૦ જાન્યુઆરીએ મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે ઉદયનિધિના ભાષણો 'હેટ સ્પીચ'ની શ્રેણીમાં આવે છે. કોર્ટે નોંધ્યું હતું કે 'સનાતન ઓઝિપ્પુ' (સનાતનનો નાશ) જેવા શબ્દોનો ઉપયોગ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. વારંવાર આવી ટિપ્પણીઓને કારણે ઉદયનિધિ સ્ટાલિન સતત કાયદાકીય અને રાજકીય વિવાદોના કેન્દ્રમાં રહ્યા છે.

### ચીનનો સાઈલન્ટ એટેક

# યુદ્ધની આડમાં અનાજ-ખાતરની સંગ્રહખોરી

**ભારત પહેલેથી જ ઇરાન યુદ્ધના કારણે મોંઘા ક્રૂડ ઓઇલનો સામનો કરી રહ્યું છે, ત્યારે હવે ખાતરની આ અછત ભારત પર નાણાકીય બોજ વધારી શકે છે**

નવી દિલ્હી,તા.૧૨

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયા બાદ વિશ્વભરમાં હાહાકાર મચ્યો છે. તેલની કિંમતો આસમાને પહોંચી છે અને સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આ કટોકટી વચ્ચે ચીન ગુપ્ત રીતે અનાજ, ખાદ્ય સામગ્રી અને ખાતરનો મોટો સ્ટોક તૈયાર કરી રહ્યું હોવાના સમાચાર સામે આવ્યા છે. વર્લ્ડ બેંકના પૂર્વ પ્રમુખ ડેવિડ માલપાસે એક ઈન્ટરવ્યૂમાં ચેતવણી આપી છે કે ચીન દુનિયાનો સૌથી મોટો અનાજ અને ખાતરનો ભંડાર ઉભો કરી રહ્યું છે. તેમણે બેઈજિંગમાં યોજાનારી ટ્રમ્પ અને શી જિનપિંગની સમિટ પહેલા ચીનને આ જમાખોરી તાત્કાલિક બંધ કરવા અપીલ કરી છે જેથી વૈશ્વિક પુરવઠા સંકટને ઘટાડી શકાય.

ચીનના આ પગલાથી ભારત જેવા કૃષિપ્રધાન દેશોની ચિંતામાં મોટો વધારો થયો છે. ચીને માર્ચ મહિનાની શરૂઆતથી જ ખાતરની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે. અગાઉ ભારત જે યુરિયા ૫૧૨ ડૉલર પ્રતિ ટન ખરીદતું હતું, તેની કિંમત હવે વધીને ૯૫૯ ડૉલર પ્રતિ ટન થઈ ગઈ છે. એટલે કે ભારત ખાતર માટે લગભગ બમણી કિંમત ચૂકવી રહ્યું છે. જો ખાતર મોંઘું થશે તો ખેતીનો ખર્ચ વધશે અને તેના કારણે અંતે ખાવા-પીવાની ચીજવસ્તુઓ મોંઘી થતા સામાન્ય જનતા પર મોંઘવારીનો માર પડશે. ભારત પહેલેથી જ ઈરાન યુદ્ધના કારણે મોંઘા ક્રૂડ ઓઈલનો સામનો કરી રહ્યું છે, ત્યારે હવે ખાતરની આ અછત ભારત પર નાણાકીય બોજ વધારી શકે છે.

નિષ્ણાતોના મતે ચીનનું આ પગલું માત્ર સુરક્ષા પૂરતું સીમિત નથી, પરંતુ તેની પાછળ એક મોટી વ્યુહરચના છે. ઈરાન યુદ્ધના કારણે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ છે, જેનાથી દરિયાઈ વેપાર ઠપ થયો છે. ચીનને ડર છે કે જો લાંબા સમય સુધી આ સ્થિતિ રહેશે તો તેના દેશમાં દુકાળ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. બીજું કારણ એ છે કે અનાજ અને ખાતર પર નિયંત્રણ મેળવીને ચીન વૈશ્વિક રાજનીતિમાં પોતાનું વર્ચસ્વ જમાવવા માંગે છે. જ્યારે દુનિયામાં આ વસ્તુઓની અછત સર્જાશે ત્યારે ચીન પોતાના ભંડારનો ઉપયોગ કરીને મોટો નફો કમાઈ શકે છે અને અન્ય દેશો પર દબાણ બનાવી શકે છે.હાલમાં યુદ્ધ ખતમ થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ઈરાન અને અમેરિકા વચ્ચેના આ સંઘર્ષની અસર ભારત સહિતના આયાત પર નિર્ભર દેશો પર સૌથી વધુ પડી રહી છે. ચીન દ્વારા લેવામાં આવેલા આ નિકાસબંધીના નિર્ણયને કારણે ઈંધણ અને ખાતરની સપ્લાય ખોરવાઈ ગઈ છે. આ સ્થિતિમાં હવે દુનિયાની નજર ટ્રમ્પ અને શી જિનપિંગની મુલાકાત પર ટકેલી છે કે શું ચીન જમાખોરી બંધ કરીને વૈશ્વિક બજારમાં રાહત આપશે કે નહીં.

### લગભગ ૧૦ કલાકની પૂછપરછ બાદ તેમની ધરપકડ કરવામાં આવી

# બંગાળમાં સત્તા પરિવર્તન થતા જ પૂર્વ મંત્રીની EDએ કરી ધરપકડ

### આ કાર્યવાહી કથિત મ્યુનિસિપલ ભરતી કૌભાંડની તપાસના સંદર્ભમાં કરવામાં આવી હતી

પશ્ચિમ બંગાળ,તા.૧૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મંત્રી સુજીત બોઝની ધરપકડ કરી છે. આ કાર્યવાહી કથિત મ્યુનિસિપલ ભરતી કૌભાંડની તપાસના સંદર્ભમાં કરવામાં આવી હતી. લગભગ ૧૦ કલાકની પૂછપરછ બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. ટીએમસીના હેવીવેઈટ નેતાઓમાં ગણાતા બોઝ ત્રણ વખત વિધાનસભાના સભ્ય (ધારાસભ્ય) તરીકે સેવા આપી ચૂક્યા છે.પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકારની રચના બાદ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. લગભગ ૧૦ કલાકની પૂછપરછ પછી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ભૂતપૂર્વ મંત્રી સુજીત બોઝની ધરપકડ કરી છે. મંત્રીને કોલકાતા સ્થિત સીજીઓ કોમ્પ્લેક્સમાં બોલાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે બોઝની તપાસમાં અસહકાર અને તેમના નિવેદનોમાં વિસંગતતાઓ શોધવાના આધારે ધરપકડ કરવામાં આવી હતી. બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીની હાર બાદ ધરપકડ કરાયેલા તેઓ પ્રથમ ટીએમસી નેતા છે. સુજીત બોઝે સીપીઆઈ (એમ) ની યુવા પાંખ, ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (DYFI) ના નેતા તરીકે તેમની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી.તેઓ સુભાષ ચક્રવર્તીના નજીકના સાથી બન્યા. જોકે, ૧૯૯૦ ના દાયકાના અંત સુધીમાં, તેમની વચ્ચે અણબનાવ વધવા લાગ્યો.૨૦૦૧ માં તેઓ ટીએમસીમાં જોડાયા, અને પાંચ વર્ષ પછી, તેમણે બેલગાચિયા પૂર્વ મતવિસ્તારમાંથી ચક્રવર્તી સામે તેમની પ્રથમ વિધાનસભા ચૂંટણી લડી.ચક્રવર્તીનું ૨૦૦૯ માં અવસાન થયું. ત્યારબાદની પેટાચૂંટણીમાં, બોઝે પીઢ સીપીઆઈ (એમ) નેતાની પત્ની રામલાને ૨૮,૩૬૦ મતોના માર્જિનથી હરાવ્યા અને પ્રથમ વખત વિધાનસભામાં પ્રવેશ કર્યો.તેમણે ત્યારબાદની વિધાનસભા ચૂંટણીઓ પણ જીતી, અને ૨૦૨૧ માં તેમની જીત બાદ, તેમને પ્રથમ વખત મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.બોઝ ફક્ત કોલકાતામાં જ પ્રભાવશાળી નેતા નહોતા, ટીએમસીના આંતરિક સૂત્રોના જણાવ્યા મુજબ, તેમણે ઉત્તર બંગાળમાં પાર્ટીના પાયાને મજબૂત બનાવવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી સુજીત બોઝ ટીએમસીના અનુભવી નેતાઓમાં સામેલ છે.તેમણે બિધાનનગર મતવિસ્તારમાંથી ત્રણ વખત વિધાનસભાના સભ્ય (ધારાસભ્ય) તરીકે સેવા આપી છે, જોકે આ વખતે તેઓ ચૂંટણી હારી ગયા છે. સુજીત બોઝને કોલકાતા અને તેની આસપાસના વિસ્તારોમાં ટીએમસીમાં એક પ્રભાવશાળી વ્યક્તિ માનવામાં આવે છે.તેઓ શ્રીભૂમિ સ્પોર્ટિંગ ક્લબ સાથેના તેમના જોડાણ માટે પણ જાણીતા છે - જે કોલકાતાની સૌથી લોકપ્રિય દુર્ગા પૂજા સમિતિઓમાંની એક છે.ઈડીએ ૪ સમન્સ પાઠવ્યા હતા પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ટીએમસીની હાર બાદ ધરપકડ કરાયેલા બોઝ પહેલા નેતા છે. બોઝને તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) તરફથી સમન્સ મળ્યું હતું; આ સમન્સ ૨૦૧૪ થી અનેક મ્યુનિસિપલ સંસ્થાઓમાં કરવામાં આવેલી ગેરકાયદેસર નિમણૂકો સાથે જોડાયેલું હતું. તેઓ ૧ મેના રોજ એજન્સી સમક્ષ હાજર થયા હતા. આ પહેલા, કથિત લાંચ કૌભાંડના સંદર્ભમાં ઈડી દ્વારા તેમને ચાર વખત સમન્સ મોકલવામાં આવ્યા હતા, જેમાં પહેલું સમન્સ ૨ એપ્રિલના રોજ આપવામાં આવ્યું હતું.૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, ED ની અનેક ટીમોએ સોલ્ટ લેક વિસ્તારમાં બોઝની ઓફિસ, તેમના પુત્રની માલિકીની રેસ્ટોરન્ટ, નિતાઈ દત્તા (સાઉથ દમ દમ મ્યુનિસિપાલિટીના વાઈસ-ચેરમેન અને બોઝના નજીકના સહયોગી) ના નિવાસસ્થાન તેમજ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને ઓડિટરના ઘરોમાં દરોડા પાડ્યા હતા.ED ની તપાસ ૨૦૨૩ માં બહાર આવેલા તારણોના આધારે શરૂ કરવામાં આવી હતી, જેમાં સૂચવવામાં આવ્યું હતું કે સરકારી સહાયિત શાળાઓમાં કથિત ભરતી કૌભાંડમાં સંડોવાયેલા એક આરોપી વ્યક્તિએ રાજ્યભરની લગભગ ૬૦ નગરપાલિકાઓમાં કાયમી પદો માટે આશરે ૫,૦૦૦ ઉમેદવારોની ભરતી કરવામાં ભૂમિકા ભજવી હતી. તપાસનો અવકાશ કોલકાતા અને તેની આસપાસના અનેક મ્યુનિસિપલ સંસ્થાઓને આવરી લે છે - જેમાં દક્ષિણ દમ દમ, કમરહાટી, પાનિહાટી, ઉત્તર દમ દમ અને બારાનગર નગરપાલિકાઓનો સમાવેશ થાય છે - તેમજ ઉત્તર બંગાળમાં સ્થિત કેટલીક નગરપાલિકાઓનો પણ સમાવેશ થાય છે.

### કચ્છ-સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ

# ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી તીવ્ર ગરમીનો પ્રકોપ યથાવત રહેશે

### આગામી ત્રણ દિવસ પછી વાતાવરણમાં પલટો આવતા તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે

ગાંધીનગર,તા.૧૨

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી તાજી આગાહી મુજબ, ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુધી તીવ્ર ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. હાલમાં ગુજરાતની આસપાસ ત્રણ હવામાન સિસ્ટમ સક્રિય થઈ છે, જેના કારણે રાજ્યમાં ઉત્તરથી ઉત્તર-પશ્ચિમ તરફના ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે. આ પવનોને લીધે વિવિધ શહેરોમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જો કે, આકરી ગરમી બાદ રાહતના સમાચાર પણ છે. આગામી ત્રણ દિવસ પછી વાતાવરણમાં પલટો આવતા તાપમાનમાં ૨થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે, જેનાથી નાગરિકોને ગરમીથી આંશિક રાહત મળશે.

હવામાન વિભાગ અનુસાર, પશ્ચિમ રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાં એક સાયક્લોનિક સર્ક્યુલેશન છે જે સમુદ્ર સપાટીથી ૦.૯ કિલોમીટર ઉપર છે, જ્યારે બીજું સાયક્લોનિક સર્ક્યુલેશન દક્ષિણ-પશ્ચિમ મધ્ય પ્રદેશ પર ૧.૫ કિલોમીટરની ઉંચાઈ સુધી વિસ્તરેલું છે. આમ, અત્યારે એક સાથે ૩ મુખ્ય સિનોપ્ટિક સિસ્ટમ સક્રિય હોવાના કારણે તાપમાનમાં વધારો નોંધાયો છે. જેના કારણે આગામી ૧૪ મે સુધી કચ્છ-સૌરાષ્ટ્ર સહિત ઉત્તર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં કાળઝાળ ગરમીને લઈને હીટવેવની આગાહી કરવામાં આવી છે.

આજે (૧૨ મે) કચ્છ, સુરેન્દ્રનગર, સુરત જિલ્લામાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ અને અમદાવાદ, બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, વડોદરા, બોટાદ, રાજકોટ, અમરેલી, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યલો એલર્ટ છે.

રાજ્યમાં કાળઝાળ ગરમીનો માહોલ યથાવત છે, ત્યારે આગામી ૧૩-૧૪ મે દરમિયાન કચ્છ, સુરેન્દ્રનગર અને વડોદરા જિલ્લામાં હીટવેવનું ઓરેન્જ એલર્ટ અને બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, બોટાદ, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, અમરેલી જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગ અમદાવાદના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, ત્રીજી સિસ્ટમ ઉત્તર પાકિસ્તાન પર ૩.૧ કિલોમીટરની ઉંચાઈ પર છે અને હાલમાં પવનો પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશા તરફ ફૂંકાઈ રહ્યા છે. ૧૨થી ૧૮ મે સુધી હવામાન સામાન્ય રીતે સૂકું રહેશે અને આગામી ૩ દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં, પરંતુ તે પછી તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. આગામી દિવસોમાં કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૧થી ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની સંભાવના છે.

દરિયાકાંઠાના વિસ્તારોમાં દબાણ વધારે હોવાને કારણે ૧૫થી ૨૦ કિ.મી ઝડપે પવન ફૂંકાવવાની સંભાવના છે. જો આજે મંગળવારે સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે અમદાવાદમાં ૪૪.૩ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૪ ડિગ્રી, ગાંધારા એરપોર્ટ પર ૪૫.૪ ડિગ્રી, સુરતમાં ૪૨.૨ ડિગ્રી, વિસ્તારમાં ૩૮.૨ ડિગ્રી અને કેશોદમાં ૪૧.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન છે.

### બિહારમાં સક્રિય સોલ્વર ગેંગનો પર્દાફાશ

# NEET ૨૦૨૬: ૬૦ લાખ આપો અને ડમી ઉમેદવાર બેસાડો

### મુખ્ય આરોપી ઉજ્જવલ હજુ ફરાર છે, જે પાવાપુરી મેડિકલ કોલેજનો ૨૦૨૨ બેચનો વિદ્યાર્થી છે

બિહાર,તા.૧૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ ગત ૩ મેના રોજ લેવાયેલી NEET ૨૦૨૬ ની પરીક્ષા રદ કરવાની જાહેરાત આજે મંગળવારે કરી છે. રાજસ્થાનમાં પેપર લીકના કિસ્સાઓ સામે આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારની મંજૂરી બાદ હવે નવી તારીખ જાહેર કરવામાં આવશે.

બીજી બાજુ બિહારમાં NEET પરીક્ષામાં પૈસા લઈ ડમી ઉમેદવાર બેસાડવાનો કારસો ઉજાગર થયો છે.NEET ૨૦૨૬ પેપર લીક ટાણે બિહારમાં એક સક્રિય સોલ્વર ગેંગનો પર્દાફાશ થયો છે, જે એક ઉમેદવાર પાસેથી સીટ અપાવવા માટે રૂપિયા ૫૦ થી ૬૦ લાખ વસૂલતી હતી. ૨ મેના રોજ નાલંદા પોલીસે પાવાપુરી વિસ્તારમાં વાહન ચેકિંગ દરમિયાન બે લક્ઝરી ગાડીઓમાંથી ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. જેમાં મુખ્ય આરોપી અવધેશ કુમાર VIMS મેડિકલ કોલેજનો MBBSનો વિદ્યાર્થી છે. તેના મોબાઈલ તપાસતા આખું નેટવર્ક સામે આવ્યું હતું. ત્યારબાદ મુઝફ્ફરપુર સહિત અન્ય જિલ્લાઓમાં દરોડા પાડીને કુલ ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય આરોપી ઉજ્જવલ હજુ ફરાર છે. જે પાવાપુરી મેડિકલ કોલેજનો ૨૦૨૨ બેચનો વિદ્યાર્થી છે.તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગેંગ ઉમેદવારો પાસેથી રૂપિયા ૧.૫ થી ૨ લાખ એડવાન્સ પેમેન્ટ લેતી હતી. ત્યારબાદ અસલ ઉમેદવારની જગ્યાએ પરીક્ષા કેન્દ્ર પર 'સોલ્વર' (બીજી વ્યક્તિ) ને બેસાડવાની તૈયારી કરવામાં આવતી હતી. ઝડપાયેલા આરોપીઓમાં ડૉક્ટરનો પુત્ર હર્ષરાજ અને અન્ય સાગરીતોનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓને ૫ મેના રોજ કોર્ટમાં રજૂ કરી જેલમાં મોકલી દેવાયા છે.બીજી તરફ રાજસ્થાનમાં તપાસ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ પાસેથી હસ્તલિખિત ગેસ પેપર (અનુમાનિત પેપર) મળી આવ્યા હતા, જેમના પ્રશ્નો અસલ પેપર સાથે મળતા આવે છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ સીકર અને અન્ય વિસ્તારોમાંથી ૧૩ શંકાસ્પદોની અટકાયત કરી છે. તપાસમાં બહાર આવ્યું છે કે ૭૨૦ માર્ક્સમાંથી ૬૦૦ માર્ક્સના પ્રશ્નો પરીક્ષાના બે દિવસ પહેલા જ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગયા હતા. કેરળની મેડિકલ કોલેજના એક વિદ્યાર્થીએ આ પ્રશ્નો સીકરમાં તેના મિત્રને મોકલ્યા હોવાનું મનાય છે.NTA એ સ્પષ્ટતા કરી છે કે વિદ્યાર્થીઓએ ફરીથી પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવવું પડશે નહીં. પરીક્ષા કેન્દ્રોમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. નવી પરીક્ષા માટે નવા એડમિટ કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે અને જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા તેમની ફી પણ રિફંડ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે ૨૦૨૪માં પણ NEET પરીક્ષા પેપર લીક અને વિવાદોના ઘેરામાં રહી હતી. તે સમયે પટના અને હજારીબાગમાં પેપર લીકના પુરાવા મળ્યા હતા, જોકે સુપ્રીમ કોર્ટે આખી પરીક્ષા રદ કરવાનો ઈનકાર કર્યો હતો અને માત્ર અમુક સેન્ટરો પર જ ફરીથી પરીક્ષા લેવાઈ

### એકને બચાવવા જતાં અન્ય ત્રણ પણ ગરકાવ

# સુરતમાં માછીમારી કરવા ગયેલા ૪ મિત્રો ડૂબ્યા

### ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તંત્રને જાણ કરવામાં આવી હતી

સુરત,તા.૧૨

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલા કાકરાપાર ડેમ ખાતે સોમવારે (૧૧મી મે) સાંજે એક અત્યંત કરુણ દુર્ઘટના સર્જાઈ છે. માછીમારી કરવા ગયેલા ચાર મિત્રો પૈકી એક યુવક પાણીમાં ડૂબવા લાગતા તેને બચાવવા પડેલા અન્ય ત્રણ મિત્રો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. હાલ એક યુવકનો મૃતદેહ મળી આવ્યો છે, જ્યારે અન્યની શોધખોળ હજુ ચાલુ છે.મળતી માહિતી અનુસાર, ચાર મિત્રો રજાના દિવસે માછીમારી કરવાના આશયથી કાકરાપાર ડેમ પર ગયા હતા. માછીમારી દરમિયાન અચાનક એક યુવક પગ લપસતા અથવા અંદાજ ન રહેતા ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. પોતાના મિત્રને મરણિયા પ્રયાસો કરતો જોઈ, બાકીના ત્રણ મિત્રોએ જીવના જોખમે તેને બચાવવા પાણીમાં ઝંપલાવ્યું હતું. જો કે, પાણીના જોરદાર પ્રવાહ અને ઊંડાઈને કારણે બચાવવા ગયેલા ત્રણેય મિત્રો પણ પોતાની જાતને સંભાળી શક્યા નહીં અને ચારેય મિત્રો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને તંત્રને જાણ કરવામાં આવી હતી. માંડવી પોલીસનો કાફલો અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. મોડી રાત સુધી ચાલેલી ભારે જહેમત બાદ એક યુવકનો મૃતદેહ શોધી કાઢવામાં આવ્યો છે. હજુ પણ અન્ય ત્રણ યુવકોની ભાળ મળી નથી. ફાયર વિભાગ દ્વારા બોટ અને મરજીવાઓની મદદથી ડેમના ઊંડા પાણીમાં સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

એકસાથે ચાર યુવાનોના ડૂબવાની આ ઘટનાથી સમગ્ર માંડવી પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતકના પરિવારજનોના આક્રંદથી કાકરાપાર ડેમનો કિનારો ગમગીન બની ગયો છે.

### ગુજરાત બોર્ડે કરી જાહેરાત

# ૧૧થી ૨૦ જૂન સુધી ધોરણ ૧૦-૧૨ની યોજાશે પૂરક પરીક્ષા

### આ પરીક્ષાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને એક વધુ તક આપવાનો છે જેથી તેઓ પોતાનું શૈક્ષણિક વર્ષ ગુમાવ્યા વિના આગળના અભ્યાસમાં પ્રવેશ મેળવી શકે

અમદાવાદ,તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાની તારીખો જાહેર કરવામાં આવી છે. બોર્ડની જાહેરાત મુજબ પૂરક પરીક્ષા ૧૧ જૂનથી શરૂ થશે અને ૨૦ જૂન સુધી યોજાશે. આ પરીક્ષા ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ માટે મહત્વપૂર્ણ છે, જેઓ મુખ્ય પરીક્ષામાં અનુત્તીર્ણ થયા છે અથવા જે કોઈ કારણસર પરીક્ષા માટે પાત્ર હતા પરંતુ પરિણામ સંતોષકારક ન આવ્યું હોય.બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે પૂરક પરીક્ષામાં માત્ર યોગ્ય ઉમેદવારો જ ભાગ લઈ શકશે. તેમાં ધોરણ ૧૦ અને ૧૨ બંનેના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ પરીક્ષાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને એક વધુ તક આપવાનો છે જેથી તેઓ પોતાનું શૈક્ષણિક વર્ષ ગુમાવ્યા વિના આગળના અભ્યાસમાં પ્રવેશ મેળવી શકે.શિક્ષણ બોર્ડના અધિકારીઓના જણાવ્યા મુજબ, પૂરક પરીક્ષા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. પરીક્ષા કેન્દ્રોની ફાળવણી, પ્રશ્નપત્રોની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓને સમયસર પ્રવેશપત્રો (એડમિટ કાર્ડ) આપવામાં આવશે અને પરીક્ષા નિયમિત રીતે શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે.બોર્ડે વિદ્યાર્થીઓને સલાહ આપી છે કે તેઓ પરીક્ષાની તારીખોને ધ્યાનમાં રાખીને યોગ્ય તૈયારી કરે અને કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહે. સાથે જ વિદ્યાર્થીઓને સમયસર પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા અને નિયમોનું પાલન કરવા પણ સૂચના આપવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે આ પૂરક પરીક્ષા વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ તક તરીકે જોવામાં આવે છે, કારણ કે તેમાં સફળતા મેળવવાથી તેઓ આગળના અભ્યાસ અથવા કારકિર્દીમાં સરળતાથી આગળ વધી શકે છે. બોર્ડે આશા વ્યક્ત કરી છે કે આ પરીક્ષા સુચારુ રીતે પૂર્ણ થશે અને વિદ્યાર્થીઓ તેનો પૂરતો લાભ લેશે.

# હાઈવે પર ખાનગી બસ રોંગ સાઈડમાં ટ્રક સાથે અથડાતા ૨નાં મોત

મહેસાણા,તા.૧૨

મહેસાણા-રાજસ્થાન હાઈવે પર આજે (૧૨મી મે) વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો છે. અમદાવાદ તરફ જઈ રહેલી એક ખાનગી બસના ચાલકે ટ્રાફિકના નિયમો નેવે મૂકી રોંગ સાઈડમાં બસ હંકારી ટ્રક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. આ દુર્ઘટનામાં ૨ લોકોના મોત નિપજ્યા હતી, જ્યારે ૧૩ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડ્યા હતા.મળતી માહિતી અનુસાર, અકસ્માત એટલો જોરદાર હતો કે બસ અને ટ્રક બંનેના આગળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. લક્ઝરી બસનો ચાલક પૂરઝડપે રોંગ સાઈડ પર બસ ચલાવી રહ્યો હતો અને સામેથી આવતી ટ્રક સાથે સીધી ટક્કર થઈ હતી. અકસ્માતને પગલે હાઈવે પર મુસાફરોની ચીચીયારીઓ ગુંજી ઉઠી હતી.ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓ તાત્કાલિક બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં ૨ વ્યક્તિઓએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો. જ્યારે બસમાં સવાર અન્ય ૧૩ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને મહેસાણાની સિવિલ હોસ્પિટલ અને નજીકની ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. તબીબોના જણાવ્યા મુજબ, ઈજાગ્રસ્તો પૈકી કેટલાકની હાલત અત્યંત ગંભીર છે. અકસ્માતને પગલે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલીને તપાસ હાથ ધરી છે.

# સી.આર. પાટીલે ઈંધણ બચાવવા માટે પાયલોટિંગ અને એસ્કોર્ટ ગાડીઓનો સ્વેચ્છાએ કર્યો ત્યાગ

### વૈશ્વિક યુદ્ધની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની કટોકટીને ધ્યાનમાં રાખીને તેઓ હવેથી કોઈપણ સરકારી કે ખાનગી કાર્યક્રમોમાં પાયલોટિંગ અથવા એસ્કોર્ટ કારનો ઉપયોગ કરશે નહીં

નવી દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને ઈંધણ બચાવવા અને કરકસર કરવા માટે કરવામાં આવેલી અપીલને માન આપીને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. તેમણે જાહેર કર્યું છે કે, વૈશ્વિક યુદ્ધની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની કટોકટીને ધ્યાનમાં રાખીને તેઓ હવેથી કોઈપણ સરકારી કે ખાનગી કાર્યક્રમોમાં પાયલોટિંગ અથવા એસ્કોર્ટ કારનો ઉપયોગ કરશે નહીં. આ નિર્ણયનો અમલ તેમણે આજથી જ શરૂ કરી દીધો છે. સી.આર. પાટીલના આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય પેટ્રોલ અને ડીઝલની બચત કરી રાષ્ટ્રના અર્થતંત્રમાં યોગદાન આપવાનો છે. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે વિશ્વ ક્રૂડ ઓઈલની અછતનો સામનો કરી રહ્યું હોય, ત્યારે એક જવાબદાર જનપ્રતિનિધિ તરીકે ઈંધણ બચાવવું એ આપણી નૈતિક ફરજ છે. એસ્કોર્ટ ગાડીઓનો કાફલો દૂર કરવાથી માત્ર ઈંધણની જ બચત નહીં થાય, પરંતુ સરકારી તિજોરી પરનું ભારણ પણ ઘટશે.કેન્દ્રીય મંત્રીની આ પહેલથી ભાજપ શાસિત રાજ્યોના મંત્રીમંડળો અને અન્ય ઉચ્ચ અધિકારીઓને પણ કરકસર માટે પ્રોત્સાહન મળશે. જે રીતે તેમણે 'જળ શક્તિ' અને 'કેચ ધ રેઈન' જેવા અભિયાનોને જન-આંદોલન બનાવ્યા છે, તેમ હવે ઈંધણ બચાવવાના સંદેશને પણ તેઓ જન-જન સુધી પહોંચાડવા માંગે છે. સામાન્ય નાગરિકોમાં પણ આ નિર્ણયથી સકારાત્મક સંદેશ ગયો છે કે જ્યારે નેતૃત્વ પોતે ત્યાગ કરે છે, ત્યારે જ સમાજમાં પરિવર્તન આવે છે.

### ગુજરાત સરકારની નર્સિંગ શિક્ષણમાં નવતર પહેલ

# સરકારી નર્સિંગ કોલેજોમાં ૮ વિશેષ સ્પેશિયલાઇઝ્ડ ડિપ્લોમા કોર્સ શરૂ કરાયા

### 'ડિપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર મિડવીફરી' કોર્સ શરૂ કરાયો છે, જેમાં હાલ કુલ ૧૨૦ બેઠકો ઉપલબ્ધ છે

ગાંધીનગર,તા.૧૨

ગુજરાત સરકાર રાજ્યની આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે કટિબદ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વમાં રાજ્યમાં અધતન હોસ્પિટલોના નિર્માણની સાથે નર્સિંગ સ્ટાફને પણ અત્યાધુનિક તબીબી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરવામાં આવી રહ્યો છે. જેનો સીધો લાભ ગુજરાતના નાગરિકોને મળતી આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં વધારા સ્વરૂપે મળશે એમ આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.રાજ્ય સરકાર દ્વારા નર્સોની કાર્યક્ષમતામાં વધારો કરવા અને દર્દીઓને સુપર-સ્પેશિયાલિટી સારવાર પૂરી પાડવાના ઉમદા હેતુથી વિવિધ સ્પેશિયલાઈઝ્ડ નર્સિંગ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જે રાજ્યની સરકારી નર્સિંગ કોલેજો, મેડિકલ કોલેજો, GMERS અને અમદાવાદ મ્યુનિ. કોર્પો. સંચાલિત મેડિકલ કોલેજો ખાતે એક વર્ષના 'પોસ્ટ બેઝિક ડિપ્લોમા' કોર્સ ચલાવવામાં આવી રહ્યા છે. નર્સ પ્રેક્ટિશનર મિડવીફરી કોર્સ અંતર્ગત માતૃ અને શિશુ મૃત્યુદરમાં ઘટાડો કરવાના લક્ષ્ય સાથે રાજ્યની ૬ સરકારી નર્સિંગ કોલેજોમાં GNM/B.Sc. (Nursing)પછીનો ૧૮ માસનો 'ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર મિડવીફરી' કોર્સ શરૂ કરાયો છે, જેમાં હાલ કુલ ૧૨૦ બેઠકો ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય નર્સ દિવસે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગુજરાતની તમામ નર્સોની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવે છે. કોરોના કાળ હોય કે કુદરતી આફત, અથવા અન્ય આફતોમાં ગુજરાતની નર્સોએ હંમેશા અગ્રેસર રહીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રાજ્ય સરકારની આ શૈક્ષણિક પહેલથી આગામી સમયમાં નર્સિંગ સ્ટાફ માત્ર સેવક જ નહીં, પરંતુ તબીબી ક્ષેત્રના 'સ્પેશ્યાલિસ્ટ' તરીકે ઉભરી આવશે.રાજ્યમાં ઉપલબ્ધ સ્પેશિયલાઈઝ્ડ ડિપ્લોમા કોર્સમાં ક્રિટિકલ કેર નર્સિંગ, ઈમરજન્સી એન્ડ ડિઝાસ્ટર નર્સિંગ,નિયોનેટલ નર્સિંગ કાર્ડિયોલોજી નર્સિંગ,ઓન્કોલોજી નર્સિંગ સાયકિયાટ્રિક નર્સિંગ,ઓર્થો એન્ડ રિહેબિલિટેશન નર્સિંગ,બર્ન્સ એન્ડ રિકન્સ્ટ્રક્ટિવ નર્સિંગ

### સામાન્ય નાગરિકોમાં જાગૃતિ લાવવાનો હેતુ

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પોતાના કાફલાનો નહીં કરે ઉપયોગ

### ઈ-વાહનોનો ઉપયોગ વધારવાથી પર્યાવરણ પ્રદૂષણમાં ઘટાડો થશે અને ભવિષ્યની પેઢી માટે સ્વચ્છ વાતાવરણ સર્જાશે

નવી દિલ્હી,તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે નાગરિકોને ઈંધણનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવાની અપીલ કરી છે. આ અભિયાનને વધુ મજબૂત બનાવતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પણ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કે તેઓ હવે જાહેર પરિવહનનો ઉપયોગ કરશે.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જાહેરાત કરી છે કે તેઓ સામાન્ય બસ અથવા ટ્રેન જેવી જાહેર પરિવહન સેવાઓમાં મુસાફરી કરશે અને પોતાના અધિકૃત કાફલાનો ન્યૂનતમ ઉપયોગ કરશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ ઈંધણની બચત સાથે સામાન્ય નાગરિકોમાં જાગૃતિ લાવવાનો છે. રાજ્યપાલના આ પગલાને સામાજિક અને પર્યાવરણ સંરક્ષણ દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. તેઓએ જણાવ્યું છે કે ઉચ્ચ પદ પર રહેલા લોકો જો સરળ જીવનશૈલી અપનાવે તો સમાજમાં સકારાત્મક સંદેશ જાય છે.સાથે જ તેમણે તમામ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને પણ ઈંધણ બચત માટે ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે. તેમણે કહ્યું છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં ઈ-વાહનોનો ઉપયોગ વધારવાથી પર્યાવરણ પ્રદૂષણમાં ઘટાડો થશે અને ભવિષ્યની પેઢી માટે સ્વચ્છ વાતાવરણ સર્જાશે. રાજ્યપાલે યુવાનોને પણ ઈંધણ બચત અભિયાનમાં જોડાવા માટે પ્રેરિત કર્યા છે.આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને ઈંધણનો યોગ્ય ઉપયોગ કરવા અને અનાવશ્યક વપરાશ ટાળવા અપીલ કરી હતી. સરકાર સતત ઈ-મોબિલિટી અને સ્વચ્છ ઊર્જા પર ભાર મૂકી રહી છે. રાજ્યપાલના આ નિર્ણયને અનેક સ્તરે પ્રશંસા મળી રહી છે અને તેને એક ઉદાહરણરૂપ પગલું માનવામાં આવી રહ્યું છે, જે અન્ય ઉચ્ચ અધિકારીઓ માટે પણ પ્રેરણાદાયક બની શકે છે.

### ઘણા ખાનગી ચાર્જિંગ નેટવર્ક વિશે માહિતી પ્રદાન કરશે

# સરકાર ટૂંક સમયમા લોન્ચ કરશે નવી EV ચાર્જિંગ એપ

### ચાર્જિંગ સ્ટેશન પર પહોંચતા જ તેમને ખબર પડે છે કે ચાર્જર ખરાબ છે અથવા પહેલેથી જ લાંબી કતાર છે

નવી દિલ્હી,તા.૧૨

દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યા ઝડપથી વધી રહી છે. તેથી, ચાર્જિંગ સ્ટેશનો વિશે સચોટ માહિતી મેળવવી એ EV માલિકો માટે એક મુખ્ય જરૂરિયાત બની ગઈ છે. આ સમસ્યાને હળવી કરવા માટે સરકાર ટૂંક સમયમાં એક નવી EV ચાર્જિંગ એપ લોન્ચ કરવા જઈ રહી છે. આ એપ દ્વારા લોકો ઘરે બેઠા શોધી શકશે કે કયા ચાર્જિંગ સ્ટેશનો પર જગ્યા ઉપલબ્ધ છે અને ક્યાં લાંબી કતારો છે. સૌથી અગત્યનું આ એપ ટાટા, મહિન્દ્રા અને મારુતિ સુઝુકી જેવી કંપનીઓ તેમજ ઘણા ખાનગી ચાર્જિંગ નેટવર્ક વિશે માહિતી પ્રદાન કરશે. આનાથી વિવિધ કંપનીઓની એપ ડાઉનલોડ કરવાની જરૂરિયાત દૂર થશે.અત્યાર સુધી, EV વપરાશકર્તાઓને વિવિધ ચાર્જિંગ સ્ટેશનો વિશે માહિતી મેળવવા માટે બહુવિધ એપનો ઉપયોગ કરવો પડતો હતો. ટાટા ચાર્જર શોધવા માટે તેઓએ એક અલગ એપ ખોલવી પડતી હતી. Statiq અથવા ChargeZone જેવી ખાનગી કંપનીઓ વિશે માહિતી માટે તેઓએ બીજી એપ ડાઉનલોડ કરવી પડતી હતી. નવી સરકારી એપ આ સમસ્યાને દૂર કરશે. ઈન્ડિયન ઓઈલ અને ભારત પેટ્રોલિયમ જેવી સરકારી તેલ કંપનીઓના ચાર્જિંગ સ્ટેશનો પણ દૃશ્યમાન થશે. આનો અર્થ એ છે કે વપરાશકર્તાઓ એક જ પ્લેટફોર્મ પર બધા ચાર્જિંગ નેટવર્ક વિશે માહિતી જોઈ શકશે. આ એપ લોકોને ચાર્જર શોધવા, સ્લોટ બુક કરવા અને સરળતાથી ઓનલાઈન ચુકવણી કરવાની મંજૂરી આપશે.

ઈલેક્ટ્રિક વાહનોના માલિકો માટે સૌથી મોટી ચિંતા એ છે કે ચાર્જિંગ સ્ટેશન પર પહોંચતા જ તેમને ખબર પડે છે કે ચાર્જર ખરાબ છે અથવા પહેલેથી જ લાંબી કતાર છે. સરકારની નવી એપ્લિકેશન આ સમસ્યાને મોટાભાગે દૂર કરશે. વપરાશકર્તાઓને લાઈવ અપડેટ્સ પ્રાપ્ત થશે. એપ્લિકેશન કયા ચાર્જર ખાલી છે, તેમની ચાર્જિંગ ગતિ અને વર્તમાન ચાર્જિંગ દર સૂચવે છે. આ સમય બચાવશે અને મુસાફરીને સરળ બનાવશે. સરકાર એ પણ સુનિશ્ચિત કરશે કે એપ્લિકેશન પર પ્રદર્શિત માહિતી સચોટ અને વિશ્વસનીય છે, એટલે કે વપરાશકર્તાઓ અગાઉથી જાણી શકશે કે કયા ચાર્જર કામ કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર, ભારતમાં હાલમાં ૫ મિલિયનથી વધુ ઈલેક્ટ્રિક વાહનો છે, પરંતુ જાહેર ચાર્જિંગ સ્ટેશનોની સંખ્યા ફક્ત ૨૯,૦૦૦ ની આસપાસ છે. સરકાર આ અંતરને દૂર કરવા માટે વ્યાપકપણે કામ કરી રહી છે. PM E-DRIVE યોજના હેઠળ, સરકારે ૭૨,૩૦૦ નવા જાહેર ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવા માટે ૨,૦૦૦ કરોડ ફાળવ્યા છે. આમાં કાર, બસ અને ટુ-વ્હીલર માટે ફાસ્ટ ચાર્જરનો સમાવેશ થશે. સમગ્ર સિસ્ટમ NPCI દ્વારા વિકસાવવામાં આવી છે અને તેનું જાળવણી BHEL દ્વારા કરવામાં આવશે. આ સિસ્ટમ UPI એપ્સ એક જ પ્લેટફોર્મ પર વિવિધ બેંકોને કેવી રીતે જોડે છે તે જ રીતે કાર્ય કરશે.

# અમરેલી ખાતે ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતી સમાજ સેવા સંઘ દ્વારા સમુહલગ્નોત્સવ યોજાયો






ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમાજ સેવા સંઘ દ્વારા અમરેલીના આંગણે ૨૫ વર્ષ બાદ પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલું જેમાં બે યુગલ નવદંપતીએ જોડાઈ અને સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરેલા આ આયોજન સમાજ દ્વારા ચાલતું સેવા સંઘ મંડળ પ્રમુખ સુરેશભાઈ સોલંકી અને એમની ટીમ દ્વારા અને સમાજ દ્વારા સંચાલિત દરેક મંડળોના સહયોગથી સમાજના નેજા હેઠળ સરસ મજાનું આયોજન કરેલું, જેમાં બગસરા આપાગીગા ની જગ્યા ના મહંત પરમવંદનીય હરીરામ બાપુ તેમજ નેસડી ખોડિયાર મંદિરના મહંત પરમવંદ નીય લવજીબાપુ તેમજ સાવરકુંડલા કાનજી બાપુની જગ્યાના મહંત પૂ હસુબાપુ તેમજ કચ્છ વછરાજ મંદિરના મહંત પૂજય સીતારામ બાપુ તેમજ ઉદય ગીરીબાપુ સાધુ સચિવ સેક્રેટરી આંબા આપાગીગા જગ્યા મહંત ઘનશ્યામદાસ બાપુ અમરેલી આપાગીગા જગ્યા મહંત દયારામ બાપુ તેમજ અમરેલી નાગદેવતા મંદિર મહંત હાર્દિક ગીરીબાપુ વગેરે સંતો દ્વારા આ નવ દંપતિને આશીર્વાદ પાઠવેલા આ શુભ પ્રસંગે સમાજના ગામો ગામથી પધારેલા સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી પંથકમાં તાપમાનનો પારો

લાગતી હતી.

આકરી ગરમીનાં કારણે પશુ પક્ષીઓ પણ બપોરનાં સમયે સલામત સ્થળે ઝંપી ગયા હતાં. પક્ષીઓ તથા ગાય જેવા પ્રાણીઓ ઝાડનાં છાયામાં આરામ કરતાં જોવા મળતાં હતાં. જયારે ભેંસ જેવા પશુઓ તળાવ અને નદીનાં પટમાં ભરેલ પાણીમાં બેસી ગરમી સામે રક્ષણ મેળવતાં જોવા મળતાં હતાં.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ તાપમાનનો પારો વધુ ઉંચે જાય તેવી શકયતા વચ્ચે લોકો વહેલી સવારે પોતાના કામ આટોપી લઈ અને ધોમધખતા તાપમાં ખાસ કરી બાળકો તથા વૃધ્ધ લોકો ઘર બહાર નીકળવાનું ટાળે તે ઈચ્છનીય છે.

અમરેલીમાં આજે મહતમ તાપમાન ૪૪–૫ ડિગ્રી, જયારે લઘુતમ તાપમના ૨૫–૮ ડિગ્રી ભેજનું ૬૭ ટકા, જયારે પવનની ગતિ ૫ કી.મી. પ્રતિ કલાક નોંધાય છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૦૦ | ૧૭૭૫ |
| ૨ | ચણા | ૧૦૨૬ | ૧૦૩૮ |
| ૩ | સોયાબીન | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૫૫ | ૩૪૦૦ |
| ૬ | તુવેર | ૧૨૩૫ | ૧૪૦૦ |
| ૭ | ઘઉં | ૪૦૫ | ૪૩૧ |
| ૮ | જીરૂ | ૩૩૭૦ | ૩૪૧૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૭૫ | ૧૫૨૫ |
| ૨ | શિંગદાણા | ૧૮૧૦ | ૧૯૧૦ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૫૬૫ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૩૧૦ | ૨૩૨૫ |
| ૫ | તલ કાળા | ૨૨૯૦ | ૩૫૮૦ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૭ | જુવાર | ૩૭૦ | ૮૫૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૦૦ |
| ૧૦ | મકાઈ | ૩૭૦ | ૩૭૦ |
| ૧૧ | મગ | ૧૧૯૦ | ૧૮૪૫ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૦૬૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| ૧૪ | છોલે ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૫ | તુવેર | ૮૫૦ | ૧૪૬૫ |
| ૧૬ | કપાસ | ૧૦૫૦ | ૨૦૪૦ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૨૬૫ |
| ૧૮ | જીરૂ | ૨૨૦૦ | ૩૫૮૦ |
| ૧૯ | રાયડો | ૧૧૬૦ | ૧૧૬૦ |
| ૨૦ | રાય | ૧૧૨૫ | ૧૩૪૦ |
| ૨૧ | ધાણા | ૨૦૦૫ | ૨૬૨૫ |
| ૨૨ | ધાણી | ૨૫૦૫ | ૨૫૦૫ |
| ૨૩ | મેથી | ૧૦૩૦ | ૧૨૬૫ |
| ૨૪ | સોયાબીન | ૧૧૩૦ | ૧૩૨૫ |
| ૨૫ | મરચા લાંબા | ૧૬૫૦ | ૩૫૦૦ |
| ૨૬ | વરીયાળી | ૧૪૩૦ | ૧૪૭૦ |
| ૨૭ | સુવાદાણા | ૧૨૯૦ | ૧૨૯૦ |

## પાના ૧ ઉપરનું ચાલું વંડા પોલીસ મથકનાં

ગુનાના કામે વેપારીનો મોબાઈલ ફોન તથા કાર કબ્જે ન લેવા તથા માર નહી મારવા માટે થઈ વેપારી પાસેથી રૂા. ૧.૨૫ લાખની લાંચની માંગણી એક હેડ કોન્સ્ટેબલે કરી હતી. બાદમાં રકઝકના અંતે પોલીસને રૂા. ૫૧ હજાર આપવાનું નક્કી થયું હતું. પરંતુ વેપારી લાંચ આપવા ના માંગતા હોવાથી વેપારી તેમના મિત્ર મારફતે એન્ટી કરપ્શન બ્યુરોમાં ફરિયાદ આપતા સાવરકુંડલાના વંડા પોલીસ મથક બહાર એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા છટકુ ગોઠવાયુ હતું. જેમાં એક પ્રજાજન અને હેડ કોન્સ્ટેબલને લાંચ લેતા રંગે હાથ એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓએ ઝડપી લઈ અન્ય હેડ કોન્સ્ટેબલને વંડા પોલીસ મથકથી ઝડપી લીધો હતો.

આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર ગારીયાધારમાં રહેતા અને સ્પ્રેનો વ્યવસાય કરતા વેપારીની વિરૂધ્ધમાં સાવરકુંડલાના વંડા પોલીસ સ્ટેશનમાં એક ગુન્હો દાખલ થયેલ હોય. જેની તપાસ વંડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ મનસુખભાઈ મેર પાસે હોય. જેઓએ વેપારી પાસે મોબાઈલ, કાર કબ્જે નહી કરવાના તેમજ ધંધો સારી રીતે ચલાવવા દેવા તેમજ વેપારીને માર નહી મારવા પેટે પોલીસ કર્મી વિજય મેર દ્વારા અતુલ ચૌહાણ (રે. ગારીયાધાર) નામનાં વચેટીયા હસ્તક પ્રથમ રૂા. ૧.૨૫ લાખની લાંચની માંગણી કરી હતી અને રકઝકના અંતે રૂા. ૫૧ હજારની લાંચ આપવાનું નક્કી થયુ હતું પરંતુ વેપારી લાંચની રકમ આપવા માંગતા ન હતા. જેને લઈ તેના મિત્ર મારફતે ફરિયાદ એસીબીમાં આપી હતી.

આ ફરિયાદને લઈ વંડા પોલીસ સ્ટેશનની સામે આવેલ ગોપીનાથ ઓઈલ મીલના ગેટ પાસે જેસર–સાવરકુંડલા જાહેર રોડ ઉપર છટકુ ગોઠવી ભાવનગર એન્ટી કરપ્શન બ્યુરોના મદદનિશ નિયામક એસ.એન. બારોટના સુપરવિઝન નીચે પી.આઈ. ટી.એસ. રીઝવી સહિતનો સ્ટાફ ગોઠવાયો હતો અને ફરિયાદીને લાંચના નાણા આપવા મોકલતા વચેટીયા મયુર બાબુભાઈ ખુમાણ (રહે. વંડા)એ પોલીસ કર્મી વિજય મેર વતી હેતુલક્ષી વાતચીત કરી લાંચના રૂા. ૫૧ હજારનો સ્વિકાર કરી તે લાંચની રકમ મળી ગયા અંગે વિજય મેરને જાણ કરતા વંડા પોલીસ મથકના હેડ પોલીસ કોન્સ્ટેબલ છગન માવજીભાઈ ડાભી લાંચની રકમ લેવા આવી પહોંચતાં અને વચેટીયા પાસેથી લાંચની રકમ સ્વિકાર કરતા બન્નેને એસીબીએ રંગેહાથ ઝડપી પાડયા હતા. જયારે હેડ કોન્સ્ટેબલ વિજય મેરને પોલીસ સ્ટેશનથી ઝડપી પાડયો હતો. ઉકત બનાવ અનુસંધાને એન્ટી કરપ્શન બ્યુરોએ તમામ સામે લાંચ રૂત ધારા તળે ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

સંકુલ KG થી ધો. ૧૨
ICSE - GSEB બોર્ડ
ઈંગ્લીશ મિડીયમ
કોમર્સ સાયંસ પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 058

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ૩ | શીંગ નવી | ૧૨૫૦ | ૧૬૧૧ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૦૦ |
| ૫ | તલ કાળા | ૩૧૫૦ | ૩૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૩૫૦ | ૩૮૦૦ |
| ૭ | કપાસ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૧ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૮૧ |
| ૧૧ | જુવાર | ૫૫૦ | ૯૮૨ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૬૦૦ | ૧૭૬૦ |
| ૧૪ | અડદ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| ૧૬ | દેશી ચણા | ૯૦૦ | ૧૦૫૪ |
| ૧૭ | તુવેર | ૧૨૦૦ | ૧૫૧૫ |
| ૧૮ | એરંડી | ૧૧૦૦ | ૧૨૪૫ |
| ૧૯ | મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૨૧ | ધાણા | ૧૯૦૦ | ૨૩૬૦ |

## પાના ૮ ઉપરનું ચાલું થોરડીથી મોટા આગરીયા માર્ગ ઉપર

બની રહી છે. પુરપાટ ઝડપે દોડતા વાહનો કે આંખો આજી દે તેવી લાઈટ સામે કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

દરમિયાનમાં ગત્ રાત્રિના રાજુલાથી રાજકોટ તરફ ગેસ ભરીને જતા ટેન્કર ચાલક સામેથી આવતાં વાહનની લાઈટ થી અંજાઈ જતાં તેઓએ ટેન્કર પર કાબુ ગુમાવતાં માર્ગના ડીવાઈડર ઉપર ટેન્કર ચડી ગયેલ.

જો કે, સદ્નસીબે જાનહાની કે મોટા અકસ્માત ન થતાં હાશકારાની લાગણી ઉભી થઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં સરસીયા ગામે

દિલીપભાઈ પ્રેમજીભાઈ બોરીચા, નિલેશભાઈ પ્રેમજીભાઈ બોરીચા તથા માવજીભાઈ આલાભાઈ બોરીચા તેણીનાં ઘર આગળ આવી ઘર બહાર બોલાવી ત્રણેય આરોપીઓ પાઈપ, કુહાડી વડે તેણીના પતિને બચાવવા જતા કુહાડીનો ઘા મારી દીધેલ બાદમાં પથ્થરનો એક ઘા તેણીના છાતી મારી તથા વાળ પકડી ઢસડી ઢીકા પાટુનો માર મારેલ હતો. આ વખતે નવલભાઈ ભીખાભાઈ મકાવણા તેણીને બચાવવા વચ્ચે પડતા આરોપીઓએ તેઓને પણ મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ૪ સામે ફરિયાદ નોંધાવી છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૯૭૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૭૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૩૦ | ૧૪૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૭૦ | ૨૧૪૦ |
| ૫ | તલ કાળા | ૨૮૪૦ | ૩૪૩૦ |
| ૬ | જીરૂ | ૩૨૪૦ | ૩૮૩૦ |
| ૭ | ચણા | ૧૦૩૫ | ૧૦૬૫ |
| ૮ | ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ૯ | એરંડા | ૧૦૩૫ | ૧૨૦૫ |
| ૧૦ | મગ | ૧૩૫૦ | ૧૭૦૦ |
| ૧૧ | જુવાર સફેદ | ૭૦૫ | ૮૯૫ |
| ૧૨ | તુવેર | ૧૨૦૫ | ૧૪૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૭૦ |
| ૨ | ઘઉં લોકવન | ૩૭૨ | ૪૭૧ |
| ૩ | તલ સફેદ | ૪૪૪ | ૪૮૩ |
| ૪ | ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ૬ | ચણા સફેદ | ૯૪૨ | ૯૭૦ |
| ૭ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૩૨૫ | ૧૯૮૭ |
| ૯ | મગફળી | ૯૦૦ | ૧૩૨૫ |
| ૧૦ | મેથી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૧૩૭૨ |
| ૧૨ | શીંગફાડા | ૧૪૯૫ | ૧૪૯૫ |
| ૧૩ | લસણ | ૬૨૫ | ૬૫૫ |
| ૧૪ | એરંડી | ૯૭૫ | ૯૭૫ |
| ૧૫ | તુવેર | ૮૯૦ | ૧૨૪૮ |
| ૧૬ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | તલકાળા | ૧૪૪૫ | ૨૮૮૧ |

## પાના ૮ ઉપરનું ચાલું વડિયાનાં ખાન ખીજડીયામાં શ્વાનનો આતંક

શકાય. હાલ આ ખેતમજૂર પ્રકાશભાઈના પરિવારે સાત વર્ષની ફૂલ જેવી દીકરીને શ્વાનના હુમલામાં ગુમાવવાનો વારો આવ્યો છે. થોડા સમય પહેલા તેની મોટી દીકરી પર પણ સ્વાને હુમલા કર્યા હતા અને તે ઘાયલ થતા તેને જૂનાગઢ સારવાર અર્થે ખસેડાઈ હતી. ત્યારબાદ ફરી આ નાની દીકરી પર હુમલો થતા તે મૃત્યુને ભેટી છે. ત્યારે શ્વાનના હુમલાથી ખાન ખીજડીયા ગામના વાડી વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે આવેલ સ.નં. ૩૭ તથા ૩૭/૨થી નોંધાયેલ જમીનમાં આવેલ ''સાંઈનગર'' નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં. ૧૦/૩ તથા ૧૦/૪ પૈકીની જમીન ચો.મી. ૮૭–૪૫ વાળી મિલ્કત હાલ મિલ્કતના માલીક રેણુબેન મનોજભાઈ ટીલવાણીના સ્વતંત્ર માલીકી હકકમાં ચાલે છે તેઓ પાસેથી સદરહુ મિલ્કત રીનાબેન મગનભાઈ દાફડા તે સાગર જસાભાઈ મારૂના ધર્મપત્નીએ ખરીદ કરવાનુ નકકી કરી રજી. બાનાખત કરેલ છે અને સદરહુ મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય તેઓએ અમારી સમક્ષ એવી રજુઆત કરેલ છે કે સદરહુ મિલ્કત રેણુબેન મનોભાઈ ટીલવાણીના કબજા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલકતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખોમાં સબંધીત કુલમુખત્યારનામા અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે તેવી રજુઆત હાલના માલીક રેણુબેન મનોજભાઈ ટીલવાણી તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

**ડો. કેયુર નુતનકુમાર કચ્છી તથા શ્રીમતી પાકૃતીબેન કેયુરકુમાર કચ્છીના કુલમુખત્યાર રાજેશભાઈ મનુભાઈ પરમારે તા. ૨૩/૦૭/૨૦૦૭ નાં રોજ દસ્તાવેજ નં. ૧૯૪૩ થી ચિરાગ રસીકલાલ કાણકીયા તથા રસીકલાલ પ્રેમજીભાઈ કાણકીયાના નામ જોગ કરી આપેલ લેખ સબંધેનુ કુલમુખત્યારનામુ**

સબબ ઉપરોકત લેખ સબંધે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબ્જો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૭માં અમો નીચે સહી કરનાર પાસે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહીં જેની નોંધ લેશો.

તા. ૧૧/૦૫/૨૦૨૬

**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો. ૯૮૨૫૫ ૨૭૧૦૧**

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**એડવોકેટ**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૮૧ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૨૪૦૧ |
| ૩ | તલ કાળા | ૨૭૫૧ | ૩૪૨૬ |
| ૪ | કપાસ | ૧૪૭૫ | ૧૮૫૧ |
| ૫ | બાજરો | ૩૦૦ | ૫૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૫૧ | ૪૮૪ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૯૮૩ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૧૧ |
| ૯ | મગ | ૧૫૭૫ | ૧૬૭૭ |
| ૧૦ | અડદ | ૧૫૦૦ | ૧૭૦૪ |
| ૧૧ | તુવેર | ૧૦૦૦ | ૧૨૩૫ |
| ૧૨ | ચણા | ૬૦૧ | ૧૦૪૪ |
| ૧૩ | જીરૂ | ૩૭૫૦ | ૩૭૫૦ |
| ૧૪ | ધાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | મેથી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૬ | અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |

# અમરેલી : બ્રહ્મકુમારીઝ દ્વારા યોજાયેલ સુખી પરિવારનો આધાર સ્તંભઃ બા–બહુ–બેટી કાર્યક્રમ



અમરેલી તા. ૧૦ માતૃદિવસ નિમિત્તે બ્રહ્માકુમારી દિવ્ય અનુભૂતિ ભવન કેરીયા રોડ, હેપીહોમ સ્ટેશન રોડ, મનમના ભવન જેસીંગપરા સેવા કેન્દ્ર ખાતે સુખી પરિવારનો આધાર સ્તંભઃ બા–બહુ–બેટી કાર્યક્રમમાં બહુ–સ્નેહની સરિતા અને બેટી – સંસ્કારોનું સરોવર જેવા વિષયો ઉપર બ્રહ્માકુમારી બહેનો દ્વારા સુંદર જીવનોપયોગી માર્ગદર્શન આપેલ. પરિવારમાં પ્રેમ, સંસ્કાર અને પરસ્પર સમજણ દ્વારા ઘરને સ્વર્ગ સમાન બનાવવામાં પ્રેરણાદાયી સમજુતી આપવામાં આવેલ. આ ઉપરાંત વિવિધ એક્ટિવિટિઝ, રમતો અને આધ્યાત્મિક પ્રવૃતિઓ દ્વારા પરિવારના સભ્યો વચ્ચે હળી મળીને રહેવાની કળા શિખવવામાં આવેલ. તમામ હાજર લોકોએ પોતાનો જમણો હાથ આગળ રાખી પરિવારને સુખી અને સંસ્કારી બનાવવા પ્રતિજ્ઞા લીધેલ. આ પ્રસંગે નગર પાલિકા અમરેલીના નવા ચુંટાયેલ મહિલા સભ્યોનું તેમજ શહેરની વિશિષ્ટ મહિલાઓને સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્રહ્માકુમારી ગીતાદીદી, કિંજલબહેન, કંચનબહેન, અર્ચનાબહેન, દિપાલીબહેન, તૃપ્તિબેન તેમજ સર્વ બહેનો, કુમારીઓ અને માતાઓએ સુંદર સેવાઓ આપેલ. તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### અનેક રાજ્યોમાં વરસાદી ગતિવિધિઓ વધશે

# ભારતમાં વહેલા ચોમાસાનું હવામાન વિભાગનું અનુમાન

## દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં વરસાદી ગતિવિધિઓ વધશે સાથે જ આ સિસ્ટમથી ચોમાસું ઉત્તર દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે

મુંબઈ,તા.૧૨

દેશમાં ચોમાસું નિર્ધારિત સમય કરતાં વહેલું દસ્તક દઈ શકે છે. સામાન્ય રીતે કેરળમાં ચોમાસું ૧ જૂન સુધીમાં પહોંચે છે, પરંતુ આ વખતે તે સમય પહેલા દસ્તક દઈ શકે છે. હવામાન વિભાગ તેમજ નિષ્ણાતોનું માનવું છે કે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને આંદામાન સાગરમાં ચોમાસાના વહેલા આગમન માટે પરિસ્થિતિઓ અનુકૂળ સાબિત થઈ શકે છે.

બંગાળની ખાડીમાં બનેલી સિસ્ટમને કારણે દેશના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સક્રિય બન્યું છે. હવામાન નિષ્ણાતોનું માનવું છે કે વર્તમાન પરિસ્થિતિઓ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને આંદામાન સાગરમાં ચોમાસાના વહેલા આગમન માટે અત્યંત અનુકૂળ બની રહી છે. બંગાળની ખાડીના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં એક લો-પ્રેશર એરિયા એટલે કે હળવું દબાણ સર્જાયું છે, જે આગામી થોડા કલાકોમાં વધુ મજબૂત થવાની સંભાવના છે. આ સિસ્ટમની અસરથી દક્ષિણ ભારતના અનેક રાજ્યોમાં વરસાદી ગતિવિધિઓ વધશે. સાથે જ આ સિસ્ટમથી ચોમાસું ઉત્તર દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

ભારતીય હવામાન વિભાગ (IMD)એ જણાવ્યું કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાને આગળ વધવા માટે પરિસ્થિતિઓ ઝડપથી અનુકૂળ બની રહી છે. સપ્તાહના અંત સુધીમાં દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સાગર અને આંદામાન-નિકોબાર ટાપુઓના કેટલાક વિસ્તારોમાં ચોમાસાની એન્ટ્રી થઈ શકે છે. આ દરમિયાન દેશના વિવિધ ભાગોમાં વરસાદ, વાવાઝોડું, વીજળી પડવી, કરા પડવા અને કેટલાક વિસ્તારોમાં ભીષણ ગરમીની મિશ્ર અસર જોવા મળશે. દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી અને શ્રીલંકાના ઉત્તરી કિનારા પાસે સર્જાયેલું લો-પ્રેશર હવે ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે આંદામાન-નિકોબાર ટાપુઓ અને પૂર્વ ભારતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે તેજ પવન ફૂંકાવાની આશંકા છે.

યુપી-બિહાર સહિત પાંચ રાજ્યોમાં ૧૨ મેંના રોજ વાવાઝોડા અને વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બિહાર અને ઉત્તરાખંડના તમામ જિલ્લાઓમાં જ્યારે ઉત્તર પ્રદેશના ૩૮ જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં વાવાઝોડા અને વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી બે દિવસ માટે રાજ્યમાં ઓરેન્જ અને યલો એલર્ટ આપ્યું છે. હ્વઈ મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉપરના પવનોમાં ચક્રવાતી સ્વરૂપે બનેલું છે. તેની અસરથી ૧૨ થી ૧૫ મે સુધી દિલ્હી, પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ગાજવીજ સાથે પવનની ગતિ ૩૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. પૂર્વ રાજસ્થાનમાં ધૂળની ડમરીઓ સાથે વાવાઝોડું આવવાની પણ આશંકા છે. પહાડી રાજ્યો જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા ચાલુ રહી શકે છે. કેટલાક સ્થળોએ કરા પડવાની પણ સંભાવના છે, જેનાથી ફળો અને શાકભાજીના પાકને નુકસાન થઈ શકે છે.

દક્ષિણ ભારત અને પૂર્વોત્તરના અનેક રાજ્યોમાં વરસાદનો દોર ચાલુ રહેવાનો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં ૧૪ થી ૧૭ મે વચ્ચે ભારે વરસાદ થઈ શકે છે. બીજી તરફ, આસામ, મેઘાલય અને મણિપુર સહિત અન્ય પૂર્વોત્તર રાજ્યોમાં પણ અનેક સ્થળોએ સારો વરસાદ થવાની સંભાવના છે. બંગાળની ખાડીમાં બનેલી આ સિસ્ટમની અસર ઓડિશામાં પણ સ્પષ્ટપણે દેખાશે, જ્યાં રાજ્યના અનેક ભાગોમાં આગામી ૬ દિવસ સુધી વરસાદનું અનુમાન છે. ઓડિશાના ૨૦ જિલ્લામાં વીજળી પડવા અને તેજ પવન સાથે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પુડુચેરી, આંધ્ર પ્રદેશ, તેલંગાણામાં પણ વરસાદ અને ગાજવીજનો દોર રહેશે. અનેક સ્થળોએ ૩૦-૫૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઓડિશામાં આગામી થોડા દિવસો સુધી વરસાદ અને તેજ પવનની અસર રહેશે. બિહારમાં કરા પડી શકે છે, ઝારખંડ અને ઓડિશામાં ગાજવીજ સાથે તેજ પવન ફૂંકાઈ શકે છે. સિક્કિમ અને ઉત્તર બંગાળના પર્વતીય વિસ્તારોમાં ભારે વરસાદ (૬૪.૫-૧૧૫.૫ મીમી) માટે યલો એલર્ટ જાહેર કરાયું છે.

ડાઉન ટુ અર્થ (DTA)ના રિપોર્ટ મુજબ, એક તરફ જ્યાં અનેક રાજ્યોમાં વરસાદથી રાહત મળી રહી છે, ત્યાં બીજી તરફ રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભીષણ ગરમીનો પ્રકોપ યથાવત છે. પશ્ચિમ રાજસ્થાન અને ગુજરાતમાં ૧૨ થી ૧૭ મે સુધી લૂ ચાલવાની સંભાવના છે. પૂર્વ રાજસ્થાન, પશ્ચિમ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં પણ તાપમાનમાં વધારો થઈ શકે છે.

### રાજ્ય કક્ષાએ ગજેરા કેમ્પ વિદ્યાસભાનો ડંકો

# ભારતના ભવિષ્યને નવી ઉડાન આપતી યુવા પ્રતિભાઓ ઈન્ટર DLSS જુડો લીગમાં ઝળહળી

## વડનગર ખાતે રાજયકક્ષાની સ્પર્ધા સંપન્ન



અમરેલી, તા. ૧૨

અમરેલી ૩૦ એપ્રિલ ૨૦૨૬માં રોજ ઈન્ટર DLSS જુડો લીગ રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન વડનગર ખાતે કરવામાં આવ્યું હતું. રાજયભરના વિવિધ તાલુકાના શ્રેષ્ઠ શાળાકીય જુડો રમતના ખેલાડીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી. જેમાં ૧) ધાંધલા વિધી -૪૦ કેજી -સુવર્ણ પદક, ૨) દવે વિ-૫૨ કેજી-સુવર્ણ પદક, ૩) ડાભી હિતેશ-૪૦ કેજી-સુવર્ણ પદક, ૪) પટેલ મત-૭૩ કેજી -સુવર્ણ પદક, ૫) માંકોલીયા ડાર્દિક -૫૦ કેજી-સુવર્ણ પદક, ૬) વાળા યશ -૬૦ કેજી -રાજત પદક, ૭) કુરેશી ડસનેન-૨૫ કેજી-રજત પદક, ૮) જતાપરા હીના-૫૭ કેજી -રજત પદક, ૯) કુકડીયા મોહિત-૩૦ કેજી-કાંસ્ય પદક, ૧૦) માજેઢીયા કેજી-૪૦ કેજી-કાંસ્ય પદક, ૧૧) ડાભી સાનવી-૩૬ કેજી-કાંસ્ય પદક, ૧૨) ચૌહાણ પુજા-૪૮ કેજી-કાંસ્ય પદક, ૧૩) ચૌહાણ જયરાજ-૪૫ કેજી-કાંસ્ય પદક, ૧૪) કાનાણી મિશા-૩૬ કેજી-કાંસ્ય પદક મેળવેલ જે કઠોર મહેતત, શિસ્તબદ્ધ પ્રશિક્ષણ અને આત્મવિસાના બળ પર ખેલાડીઓએ સ્પર્ધાના વિવિધ ઈવેન્ટ્સમાં ઉત્તમ દેખાવ કરતા સિદ્ધિઓ હાંસલ કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું. જુડોના ખેલાડીઓએ પ્રારંભિક રાઉન્ડથી જ પોતાની શકિતનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ પ્રતિભા નોંધાવી અને ફાઈનલ સુધી સફળ સફર કરી રાજયસ્તરે સ્થાન પ્રાપ્ત કર્યું. સંસ્થામાં શિક્ષણ સાથે રમત-ગમતને સમાન મહત્વ આપવામાં આવે છે. અનુભવી કોચ અને ટ્રેનરોના માર્ગદર્શન હેઠળ નિયમિત પ્રશિક્ષણ, આધુનિક સુવિધાઓ અને પ્રોત્સાહનના કારણે વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જુડો ખેલાડી, કોચ ધ્રુવરાજ સિહ ગોહિલ અને ટ્રેનર કૃપાબેત ચૌહાણને અભિનંદન પાઠવી વધુ ઊંચી સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### કવિ ''હેમાળવી''નાં પિતાની સરવણી નિમિત્તે

# રાજુલાનાં આંગણે આજે રાત્રિનાં સંતવાણીનુ આયોજન કરવામાં આવ્યુ

## ભજન આરાધક નિરંજન પંડયા પણ ઉપસ્થિત રહેશે







અમરેલી, તા. ૧૨

રાજુલા શહેર ખાતે શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી'ના પિતાશ્રી સ્વ. હિંમતભાઈ રાજયગુરૂનુ ગત તા ૩/૫/૨૬ને રવિવારના રોજ અવસાન થતા તેમની સરવણી નિમિત્તે હરિ કિર્તન અને ભજન ભાવના હેતુથી શ્રધ્ધાંજલિ એવમ્ સંતવાણી કાર્યક્રમ તા.૧૩/૫/૨૬ને બુધવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે પટેલ સમાજ વાડી ખાતે આયોજન કરવામા આવેલ છે. જેમા ગુજરાતના સ્ટેજ અને સંતવાણીની દુનિયાના શિરમોર ભજન આરાધક નિરંજનભાઈ પંડ્યા ભજન આરાધ કરશે સાથે રાજુલા વિસ્તારના સફળ સ્ટેજ સંચાલક અને લોકસાહિત્યકાર શૈલેષભાઈ વાઘેલા તેમની વાણી દ્વારા લોકસાહિત્ય પીરસશે. આ ભાવ ભજન સંતવાણીનો લાભ લેવા રાજુલા તથા રાજુલા વિસ્તારની ભજન પ્રેમી લોકોને લાભ લેવા હર્ષભાઈ રાજયગુરૂ દ્વારા જાહેર આમંત્રણ આપવામા આવેલ છે.

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એકસપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

**હેપ્પી બર્થ ડે...**



બાબરાના કરણસિંહનો જન્મદિન હોવાથી
પપ્પા : વિમલસિંહ સોલંકી
ભાઈ : રાજકુંવરસિંહ, કાકા : ગંભીરસિંહ
તથા સોલંકી પરિવાર તરફથી લાડકડા કરણસિંહના તેના જન્મદિન નિમિતે ખૂબ ખૂબ શુભકામનાઓ સહ આર્શિવાદ... મુ. બાબરા

કરણસિંહ સોલંકી

### ધારાસભ્ય જનક તળાવીયાની મહેનતથી

# ત્રંબોડા - ઇસાપર રોડને રીસર્ફેસિંગ કરવા રૂ. ૧.૫૦ કરોડ મંજૂર

## ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની જમાવટ



અમરેલી, તા. ૧૨

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપેબાબરા તાલુકાના ત્રંબોડા અને ઈસાપર ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૧.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.ત્રંબોડા અને ઈસાપર ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૧.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

# પરીક્ષાની નવી તારીખ જલદી જાહેર કરાશે :NTAના ડીજી

નવી દિલ્હી,તા.૧૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ મોટો નિર્ણય લેતાં ૩ મેના રોજ યોજાયેલી NEET-UG ૨૦૨૬ પરીક્ષા પેપર લીકના આરોપોને કારણે રદ્દ કરી દીધી છે અને ફરીથી પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે. NTAના મહાનિર્દેશક અભિષેક સિંહે જણાવ્યું કે આ નિર્ણય વિદ્યાર્થીઓ, વાલીઓ અને ખુદ એજન્સી માટે ખૂબ જ મુશ્કેલ અને અપ્રિય છે, પરંતુ પરીક્ષાની પારદર્શિતા સાથે કોઈપણ પ્રકારનો સમાધાન શક્ય નથી.અભિષેક સિંહે જણાવ્યું કે ૭ મેની રાત્રે કેટલાક વોટ્સએપ મેસેજ મળ્યા હતા, જેમાં NEETના પ્રશ્નપત્ર જેવા પ્રશ્નો શેર કરવામાં આવ્યા હતા. આ મેસેજ તાત્કાલિક કાયદા અમલ એજન્સીઓને તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. પરીક્ષા દિવસે કોઈ ગેરરીતિની ફરિયાદ મળી નહોતી અને પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી, પરંતુ ગંભીર આરોપોને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરવામાં આવી.૮ અને ૯ મેના રોજ તપાસ એજન્સીઓએ આ મેસેજની તપાસ કરી અને ૧૦ તથા ૧૧ મે સુધીમાં કેટલાક આરોપ સાચા હોવાનું જણાયું. ત્યારબાદ NTAએ નિર્ણય લીધો કે જો પરીક્ષાની નિષ્પક્ષતા પર થોડો પણ શંકા ઉભો થાય તો પરીક્ષા રદ્દ કરવી યોગ્ય છે. સમગ્ર મામલો હવે CBIને સોંપવામાં આવ્યો છે, જે તપાસ કરશે કે ગેરરીતિ એક રાજ્ય સુધી મર્યાદિત હતી કે અનેક રાજ્યોમાં ફેલાઈ હતી.નાસિકની એક પ્રિન્ટિંગ પ્રેસના નામ અંગે પૂછાયેલા સવાલ પર NTA DGએ કહ્યું કે તપાસ પૂર્ણ થયા વગર કોઈ નિષ્કર્ષ કાઢવો યોગ્ય નથી. તેમણે જણાવ્યું કે એજન્સીએ અગાઉ પણ ૧૨૦ ટેલિગ્રામ ચેનલો બ્લોક કરી હતી અને પરીક્ષા દરમિયાન સતત નજર રાખવામાં આવી હતી.NTAએ સ્પષ્ટ કર્યું છે કે ફરી યોજાનારી NEET-UG ૨૦૨૬ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ફરીથી રજિસ્ટ્રેશન કરવાની જરૂર નહીં પડે. અગાઉ ભરેલા ફોર્મ અને પસંદ કરેલા પરીક્ષા કેન્દ્ર જ માન્ય રહેશે. સાથે જ અગાઉ લેવામાં આવેલી ફી પણ વિદ્યાર્થીઓને પરત કરવામાં આવશે. એજન્સીએ કહ્યું કે આ નિર્ણયથી આર્થિક ભાર પડશે, પરંતુ હેતુ પારદર્શક અને ન્યાયસંગત પરીક્ષા પ્રક્રિયા જાળવવાનો છે.

### MC ૧૫ મેથી ૧૦% પાણીનો કરશે કાપ

# મુંબઈમાં પાણીનું ગંભીર સંકટ ઊભુ થવાનો ભય વધ્યો

## જળાશયોમાં કુલ ૩,૪૦,૩૯૯ મિલિયન લીટર પાણી ઉપલબ્ધ હતું જ્યારે આ જળાશયોની કુલ ક્ષમતા ૧૪,૪૭,૩૬૩ મિલિયન લીટર છે

મુંબઈ,તા.૧૨

મુંબઈમાં પાણીનું ગંભીર સંકટ ઊભું થવાનો ભય વધ્યો છે. શહેરને પાણી પૂરું પાડતા જળાશયોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટતા અને નબળા ચોમાસાની આગાહીને ધ્યાનમાં રાખીને સરકાર અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)એ મોટો નિર્ણય લીધો છે. હવે ૧૫ મે, ગુરુવારથી સમગ્ર મુંબઈમાં ૧૦ ટકા પાણી કાપ અમલમાં મુકવામાં આવશે.BMC દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ૧૧ મે સુધી શહેરને પાણી પૂરું પાડતા જળાશયોમાં કુલ ૩,૪૦,૩૯૯ મિલિયન લીટર પાણી ઉપલબ્ધ હતું. જ્યારે આ જળાશયોની કુલ ક્ષમતા ૧૪,૪૭,૩૬૩ મિલિયન લીટર છે. હાલમાં માત્ર ૨૩.૫૨ ટકા ઉપયોગલાયક પાણી જ બચ્યું છે. વધતી ગરમી અને પાણીના વધતા વપરાશને ધ્યાનમાં રાખીને પાણીનો જથ્થો લાંબા સમય સુધી ટકી રહે તે માટે આ નિર્ણય લેવાયો છે.મુંબઈને પાણી પૂરું પાડતા જળાશયોમાં ઘટાડો થતાં BMCએ ૧૫ મેથી શહેરભરમાં ૧૦ ટકા પાણી કપાત લાગુ કરવાનો નિર્ણય લીધો છે. આ પગલાનો હેતુ ઉપલબ્ધ પાણીનો વધુ સમય સુધી ઉપયોગ થઈ શકે અને લોકોને પાણીની ગંભીર તંગીનો સામનો ન કરવો પડે તે છે. BMC અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા અલ નીનોના કારણે નબળા ચોમાસાની આગાહી કરવામાં આવી છે. તેથી ૩૧ ઓગસ્ટ સુધી પૂરતું પાણી જળવાઈ રહે તે માટે પાણી કપાતનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિકારીઓએ લોકોને પાણીનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરવાની અને બગાડ ટાળવાની અપીલ કરી છે.મુંબઈ પોતાની દૈનિક પાણી જરૂરિયાત માટે સાત તળાવો પર નિર્ભર છે — અપ્પર વૈતરણા, મિડલ વૈતરણા, મોદક સાગર, તાનસા, ભાતસા, વિહાર અને તુલસી. BMC અનુસાર, ભાતસા ડેમમાંથી વધારાના ૧,૪૭,૦૯૨ મિલિયન લીટર અને અપ્પર વૈતરણામાંથી ૯૦,૦૦૦ મિલિયન લીટર પાણીનો જથ્થો મળશે. છતાં વધતા તાપમાન અને બાષ્પીભવનને કારણે પાણીનો જથ્થો વધુ ઝડપથી ઘટી રહ્યો છે.મુંબઈ સિવાય થાણે, ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકા અને આસપાસના ગામોમાં પણ ૧૫ મેથી ૧૦ ટકા પાણી કપાત અમલમાં રહેશે. પૂરતા પ્રમાણમાં વરસાદ અને જળાશયોમાં પાણીનો જથ્થો ફરી સામાન્ય સ્તરે ન પહોંચે ત્યાં સુધી આ વ્યવસ્થા ચાલુ રહેશે. BMCએ લોકોને પાણી બચાવવા માટે ખાસ અપીલ કરી છે. ન્હાવા માટે શાવરની જગ્યાએ ડોલનો ઉપયોગ કરવો, બ્રશ કરતી વખતે નળ બંધ રાખવો, વાહન ધોવા માટે પાઈપની જગ્યાએ ભીનું કપડું વાપરવું અને પાણી બચત કરનારા નોઝલનો ઉપયોગ કરવો જેવી સલાહ આપવામાં આવી છે.


**શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરા-મૂંગા શાળા - અમરેલી**

બહેરા-મૂંગા બાળકો માટે પ્રવેશકાર્ય શરૂ છે

જો આપણી આસપાસ કે આપણા ધ્યાનમાં કોઈ સાંભળતુ ન હોય, બોલતુ ન હોય (શ્રવણમંદ) તેવુ બાળક હોય તો તેમના શિક્ષણ અને જીવન ઘડતર માટે અમરેલી જિલ્લાની ૨૫ વર્ષથી સેવારત બહેરા-મૂંગા શાળાનો સંપર્ક કરી અહી આ બાળકોના જીવન ઘડતર માટે

- બહેરાશનું નિદાન અને સારવાર ➡ સ્પીચથેરાપી સેન્ટર (બોલવાની તાલીમ)
- બાળમંદિર થી ધોરણ ૮ સુધીની શાળા ➡ ડિઝીટલ સ્માર્ટ કલાસરૂમ
- એક વર્ગમાં વધુમાં વધુ ૧૨ વિદ્યાર્થીઓ જ ➡ સ્પેશ્યલ શિક્ષકો દ્વારા જ શિક્ષણ
- બાળકોના ડિઝીટલ હિયરીંગ મશીન ➡ કોમ્પ્યુટર લેબ ➡ સિવણકામ તાલીમ વર્ગ
- સુવિધાસભર છાત્રાલય ➡ સ્વચ્છ ભોજનાલય ➡ બાળક્રિડાંગણ સાથે વિશાળ મેદાન
- યુનિફોર્મ, સ્વેટર, નાઈટ ડ્રેસ, નોટબુક, પેન, પેન્સિલ, દફતર વગેરે સંસ્થા તરફથી...



ઉપરોકત બધી જ સુવિધા સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તદ્દન વિનામૂલ્યે પુરી પાડવામાં આવે છે.....



શ્રી અમરેલી મુકબધીર સેવા ટ્રસ્ટ સંચાલિત

શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરા મૂંગા શાળા-અમરેલી

સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, વિદ્યા વિહાર, અમરેલી-૩૬૫૬૦૧
મો. ૯૪૨૬૪ ૮૪૪૯૬ / ૯૦૧૬૪ ૩૪૫૬૦



**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી

## અમરેલી જિલ્લામાં રખડુ શ્વાનની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બની રહી છે

# વડિયાનાં ખાન ખીજડીયામાં શ્વાનનો આતંક : ૭ વર્ષની દીકરીનો જીવ લીધો

**શ્રમિક પરિવારની વ્હાલસોયી દીકરી ઉપર ૩ રખડુ શ્વાને હુમલો કરતાં દોડધામ**

**એક મહિના પહેલા પણ શ્વાનનાં હુમલાની ઘટના બની અને તંત્ર ગંભીર ન બનતા પૂનઃ ઘટના બની**

**જો કે જિલ્લાનાં મુખ્ય મથક અમરેલીમાં પણ રખડુ શ્વાનની સમસ્યા દૂર થતી ન હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં કોણ કરશે કામગીરી**

**જિલ્લાનાં ધારાસભ્યો અને સાંસદે આ મામલે ગંભીરતા દાખવી જરૂરી સુચના આપવી જોઈએ તેવી માંગ**









વડિયા, તા. ૧૨

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા વડિયાના ગ્રામીણ વિસ્તાર એવા ખાન ખીજડીયા ગામે ખેતી ક્ષેત્રમાં કામ કરતા ખેતમજૂર પરિવાર પર કરૂણ ઘટના સામે આવતી જોવા મળી છે. ખાન ખીજડીયા ગામે વજુભાઈ હિરપરાની વાડીએ રહી ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા મધ્યપ્રદેશના ખેતમજૂર પરિવારની સાત વર્ષની અંજના નામની દીકરી રમી રહી હતી. ત્યારે અચાનક ત્રણ શ્વાન ત્યાં આવી તેના પર હીંચકારો હુમલો કરી તેને ગળાના ભાગે બચકા ભરતા તે લોહી લુહાણ બની હતી તેને ૧૦૮ મારફતે વડિયા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવતા તેને મૃત જાહેર કરવામાં આવી હતી. વાડી વિસ્તારમાં શ્વાનના આતંકથી ખેડૂતો અને ખેતીમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આવા ઘાતકી હુમલા કરનાર બાબતે કાર્યવાહી કરવી જરૂરી બને છે. જેથી વારંવાર આવી ઘટનાઓ બનતી અટકાવી

**અનુસંધાન પાના ૬ ઉપર**

**બપોરનાં સાડા બાર કલાકે બનાવ બન્યો**

## ધારીનાં સરસીયા ગામે સામાન્ય બાબતને લઈને મારામારીની ઘટના બની

**સ્થાનિક પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૧૨

ધારી તાલુકાના સરસીયા ગામે રહેતા માવજીભાઈ આલાભાઈ બોરીચા નામનાં ૪૦ વર્ષીય ખેડુત ગત તા.૧૦ના બપોરના આશરે સાડા બારેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી બજાર માજતા હોય તે દરમ્યાન તે જ ગામે રહેતાં શારદાબેન અરૂણભાઈ બોરીચા ખેડૂત પાસે આવી તમે મારા દિકરા સંદીપ સાથે કેમ બોલાચાલી કરો છો ? તેનુ તમે નામ કેમ લ્યો છો ? તેમ કહી ખેડૂતને ગાળો આપવા લાગેલ અને આરોપી નવલભાઈ ભીખાભાઈ મકવાણાએ લોખંડના પાઈપનો એક ઘા ખેડૂતને માથાના ભાગે તથા નાક ઉપર તથા જમણા હાથની આંગળી ઉપર મારી ઈજા કરી તથા અન્ય આરોપીઓએ લાકડીનો ઘા ડાબા પડખે મારી તથા હંસાબેન પ્રેમજીભાઈ બોરિચાને છુટો પથ્થર માથાના ભાગે કપાળ ઉપર મારી કપાળે મુઢ ઈજા કર્યાની પાંચ સામે પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

તો આ જ બનાવમાં સામાપક્ષે શારદાબેન અરૂણભાઈ બોરીચાએ પણ સામી પોલીસ ફરિયાદમાં જણાવેલ છે કે, પોતે તથા તેણીનાં પતિ અરૂણભાઈ પોતાના ઘરે હાજર હતા તે દરમ્યાન આરોપીઓ

**અનુસંધાન પાના ૬ ઉપર**

**સામેથી આવતાં વાહનની લાઈટથી ચાલક અંજાઈ જતા**

## થોરડીથી મોટા આગરીયા માર્ગ ઉપર ગેસ ભરેલ ટેન્કર ડીવાઈડર પર ચડી ગયું

**મોટો અકસ્માત થતાં અટકતા હાશકારો**



તસ્વીર : રસુલખાન પઠાણ–થોરડી

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લામાં દિનપ્રતિદિન વાહન અકસ્માતની ઘટના

**અનુસંધાન પાના ૬ ઉપર**

**સુર્યનારાયણ દ્વારા આકરી ગરમીનો વરસાદ**

## અમરેલી પંથકમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચતાં કુદરતી કર્ફ્યુ

**પશુ, પક્ષીઓ સહિત સૌ ત્રાહીમામ થઈ ગયા**

અમરેલી, તા. ૧૨

અમરેલી જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જ કંઈક એવી છે. જેને લઈ અહીં સૌથી ઠંડી અને સૌથી ગરમી અહીં જોવા મળે છે. ચાલુ વર્ષે ઉનાળાની સિઝનમાં છેલ્લા ઘણાં જ દિવસથી રોજબરોજ તાપમાનનો પારો ઉપર ચડતો જાય છે. ત્યારે ગઈકાલે ફરી એક વખત સડસડાટ તાપમાનમાં વધારો થતાં તાપમાન ૪૪–૩ ડીગ્રી સુધી પહોંચી ગયેલ અને આજે તાપમાન વધીને ૪૪–૫ ડીગ્રી થઈ જતાં અમરેલી શહેર સહિત જિલ્લો ધગધગતું શહેર પામેલ છે. ગરમીને લઈ લોકો ઉનાળાના આકરા તાપમાન તથા ભારે બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે.

અમરેલી શહેરમાં ચાલુ ઉનાળાની સિઝનમાં છેલ્લાં ઘણાં જ દિવસોથી તાપમાન ૪૪ ડિગ્રી ઉપર પહોંચી જાય છે. ત્યારે આજે અમરેલીમાં ૪૪–૫ ડીગ્રી થઈ જતાં લોકો કામ વગર ઘર કે ઓફિસ બહાર નીકળવાનું ટાળતાં શહેરની મુખ્ય બઝાર તથા રસ્તાઓ સુમસામ ભાસતા હતા. અમરેલી શહેરમાં સાંજનાં સમયે પણ આગ ઝરતી લૂ

**અનુસંધાન પાના ૬ ઉપર**






*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)